દાખલ તારીખ :–૦૮/૦૧/૨૦૦૪
નોંધ્યા તારીખ :–૦૮/૦૧/૨૦૦૪
ફેંસલ તારીખ :–૧૮/૦૩/૨૦૨૬
સમયગાળો :–વર્ષ–માસ–દિવસ
૨૨ – ૦૨ – ૧૦

**ભિલોડાના એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**ભિલોડા,જિ.અરવલ્લી.**

**ફોજદારી કેસ નં.૩૪/૨૦૦૪**
**આંક :૩૧૩**

**–:: ફોર્મ–એ ::–**

| | |
|---|---|
| **એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ભિલોડા – અરવલ્લી**<br>હુકમની તારીખ:–૧૮/૦૩/૨૦૨૬<br>**ફોજદારી કેસ નંબર:–૩૪/૨૦૦૪** | |
| પોલીસ સ્ટેશન | ભિલોડા પો.સ્ટે.ફ.ગુ.રજી.નં.૯૯/૨૦૦૩ |
| ગુન્હો | ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૮,૪૦૯,૧૧૪ મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| **ફરીયાદી તર્ફે** | **વિ.એ.પી.પી.શ્રી.એમ.પી.કલહટ** |
| –:: વિરૂધ્ધ ::– | |
| આરોપીઓ | (૧) વિજયકુમાર બંસીધર પેઢાકર,<br>ઉ.વ.૫૦,ધંધો–નોકરી,ધર્મે–હીન્દુ,<br>રહે.૨૯૫/બી,મેઈન બ્લોક,ગોકુલપાર્ક એપાર્ટમેન્ટ,<br>સેકટર–૨૮,ગાંધીનગર.<br><br>(૨) અરવિંદભાઈ કાંતીભાઈ શાહ,<br>ઉ.વ.૫૮,ધંધો–નોકરી,ધર્મે–હીન્દુ,<br>રહે.૭૦,ઈલોરા પાર્ક સોસાયટી,મહાવીર નગર,<br>હિંમતનગર.<br><br>(૩) બદીબેન સોમાભાઈ કુરાભાઈ ભગોરા,<br>ઉ.વ.૬૦,ધંધો–ઘરકામ,ધર્મે–હીન્દુ,<br>રહે.ચીબોડા,તા.ભિલોડા,જી.અરવલ્લી. |

| | |
|---|---|
| | (૪) અરવિંદભાઈ ગોવિંદભાઈ પરમાર,<br>ઉ.વ.પપ,ધંધો–નોકરી,ધર્મે–હીન્દુ,<br>રહે.ઓરણ ,તા.પ્રાંતિજ,જી.સાબરકાંઠા. |
| **આરોપી નં.૧,ર, ૪ તર્ફે** | **વિ.વકીલશ્રી : આર.જે.ડાભી** |
| **આરોપી નં.૩ તર્ફે** | **વિ.વકીલશ્રી : બી.વી.ચંપાવત** |

## –:: ફોર્મ–બી ::–

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૦ર/૦પ/ર૦૦ર થી<br>તા.૧ર/૦૬/ર૦૦ર દરમ્યાન |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૧૬/૦૬/ર૦૦૩ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૦૮/૦૧/ર૦૦૪ |
| ત્હોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૩૦/૦૬/ર૦૦૬ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | તા.૦૬/૦૮/ર૦૧૬ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૧૩/૧૧/ર૦રપ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૧૮/૦૩/ર૦ર૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | – |

## –:: આરોપીની વિગત ::–

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૧) થી (૪) |
| આરોપીનું નામ | (૧) વિજયકુમાર બંસીધર પેઢાકર,<br>(ર) અરવિંદભાઈ કાંતીભાઈ શાહ,<br>(૩) બદીબેન સોમાભાઈ કુરાભાઈ ભગોરા,<br>(૪) અરવિંદભાઈ ગોવિંદભાઈ પરમાર, |
| ધરપકડ કર્યા તારીખ | આરોપી નં.(૧)ને તા.૧૪/૦૮/ર૦૦૩<br>આરોપી નં.(ર)ને તા.૦૮/૦૭/ર૦૦૩<br>આરોપી નં.(૩)ને તા.૦૪/૧૦/ર૦૦૩<br>આરોપી નં.(૪)ને તા.૧૮/૧૧/ર૦૦૩ |
| જામીન મુકત કર્યા તારીખ | આરોપી નં.(૧)ને તા.૧૪/૦૮/ર૦૦૩<br>આરોપી નં.(ર)ને તા.૦૮/૦૭/ર૦૦૩ |

| | |
|---|---|
| | આરોપી નં.(૩)ને તા.૦૪/૧૦/૨૦૦૩<br>આરોપી નં.(૪)ને તા.૨૧/૧૧/૨૦૦૩ |
| કયો ગુન્હો નોંધાયેલ | ભારતીય દંડ સંહીતાની કલમ-૪૦૮, ૪૦૯,૧૧૪ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. |
| સજા કર્યાની વિગત | - |
| ક્રી.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમા રહેલ સમય | - |

**-:: ફોર્મ-સી ::-**

**એ - ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :-**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧. | ભુપેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | સાહેદ | ૧૭૪ |
| ૨. | પૃથ્વીસિંહ જસવંતસિંહ ચંપાવત | પંચસાહેદ | ૧૮૦ |
| ૩. | પ્રકાશકુમાર અળખાભાઈ પરમાર | સાહેદ | ૧૮૫ |
| ૪. | પરમાર શંકરભાઈ અળખાભાઈ | સાહેદ | ૧૮૬ |
| ૫. | તરાર અશોકભાઈ કોદરભાઈ | સાહેદ | ૧૮૭ |
| ૬. | મોહનભાઈ શંકરભાઈ સુથાર | ફરીયાદી | ૧૯૨ |
| ૭. | કેશુભાઈ મગનભાઈ પ્રજાપતિ | પંચસાહેદ | ૨૭૬ |
| ૮. | પો.સ.ઈ.નાથાભાઈ ગોવાભાઈ રબારી | ત.ક.અ. | ૨૮૮ |
| ૯. | તલાટી કમ મંત્રી બાબુભાઈ અમીચંદભાઈ પટેલ | સાહેદ | ૩૦૧ |

**બી- આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :-સાહેદો તપાસેલ નથી.**

**સી- અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :-સાહેદો તપાસેલ નથી.**

<u>**એ- ફરીયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓની યાદી:-**</u>

| **ક્રમ** | **વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧. | રોજમેળ કબજે કર્યા અંગેનું પંચનામું | ૧૮૧ |

| | | |
|---|---|---|
| ૨. | તા.૧૦.૦૬.૨૦૦૩ નો કલેકટરશ્રીનો પત્ર | ટે.૧૯૩ |
| ૩. | તાલુકાવિકાસ અધિકારીશ્રીનો પત્ર | ૧૯૯ |
| ૪. | ફરીયાદ | ૨૦૭ |
| ૫. | સબમર્સીબલ પંપની કામગીરી અંગેની દરખાસ્ત | ટે.૨૦૮ |
| ૬. | ફોર્મ નં.૧૫ | ૨૦૯ |
| ૭. | નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વિસનુ બીલ | ૨૧૦ |
| ૮. | ચેક મળ્યા અંગેની પાવતી | ૨૧૧ |
| ૯. | નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વિસનું કોટેશન | ૨૧૨ |
| ૧૦. | વલ્કેશ ઈલેકટ્રોનીકસનું કોટેશન | ૨૧૩ |
| ૧૧. | શિવ ઈલેકટ્રોનીકનું કોટેશન | ૨૧૪ |
| ૧૨. | રાકેશ ઈલેકટ્રીક સ્ટોરનું કોટેશન | ૨૧૫ |
| ૧૩. | મેજરમેન્ટ બુક નં.૨૩૯૫ (પાના નં.૬૧) | ૨૧૬ |
| ૧૪. | મેજરમેન્ટબુક નં.૩૫૭૫ (પાના નં.૪૩) | ૨૧૭ |
| ૧૫. | ખુમાપુર ગ્રામપંચાયતની સ્થાવર મિલકત દર્શાવતુ રજીસ્ટર (પાના નં.૦૫) | ૨૧૮ |
| ૧૬. | રોજમેળ(પાના નં.૧૭) | ૨૧૯ |
| ૧૭. | સબ મર્સીબલ પંપ લગાવવા બાબતનું એસ્ટીમેન્ટ | ૨૨૦ |
| ૧૮. | સંસદ સભ્યની ગ્રાન્ટ ફાળવણીનો પત્ર | ટે.૨૨૧ |
| ૧૯. | સબ મર્સીબલ પંપ નાખવાની કામગીરી માટે વર્ક ઓર્ડરની કોપી | ૨૨૨ |
| ૨૦. | ઠરાવ નં.૦૩/૦૩ | ૨૨૩ |
| ૨૧. | બાંહેધરી પત્રક | ૨૨૪ |
| ૨૨. | પી.એ. ફોર્મ નં.૨૧ | ૨૨૫ |
| ૨૩. | મોહનપુર ગામમા હેન્ડ પંપ લગાવવાનુ એસ્ટીમેન્ટ | ૨૨૬ |
| ૨૪. | મોહનપુરમાં હેન્ડ પંપ નાખવાની કામગીરી માટે વર્ક ઓર્ડર | ૨૨૭ |
| ૨૫. | બાંહેધરી પત્રક | ૨૨૮ |
| ૨૬. | પી.એ.ફોર્મ નં.૨૧ | ૨૨૯ |
| ૨૭. | ખારી ગામમા હેન્ડપંપ લગાવવાના એસ્ટીમેન્ટ | ૨૩૦ |

| | | |
|---|---|---|
| ૨૮. | ખારી ગામમા હેન્ડપંપ લગાવવાના વર્ક ઓર્ડરની કોપી | ૨૩૧ |
| ૨૯. | બાંહેધરી પત્રક | ૨૩૨ |
| ૩૦. | પી.એ. ફોર્મ નં.૨૧ | ૨૩૩ |
| ૩૧. | ખારી ગામની કામગીરીનું વર્ગીકરણ પત્રક | ૨૩૪ |
| ૩૨. | કંપ્લીકેશન સર્ટીફીકેટ | ૨૩૫ |
| ૩૩. | ફરીયાદ દાખલ કરવા માટેના પત્ર | ૨૩૬ |
| ૩૪. | મુદ્દામાલ રેકર્ડ કબજે કર્યા બાબતના પંચનામુ | ૨૭૭ |
| ૩૫. | તપાસ હુકમ | ૨૮૯ |

**બી– બચાવપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**
**સી– અદાલત ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**
**ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન :– નથી.**

**–:: ઠરાવ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપીઓએ ગઈ તા.૦૨/૦૫/૨૦૦૨ થી તા.૧૨/૦૬/૨૦૦૨ સુધીના સમયગાળા દરમ્યાનમાં ભિલોડા તાલુકાની ખુમાપુર ગ્રામ પંચાયતમાં સંસદ સભ્યના ફંડમાં થી ખુમાપુર ગામે સબમર્શીબલ ખરીદવા સારૂ કુલ રૂા.૫૧,૯૦૦/– ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ તેમાથી રૂા.૪૯,૩૦૫/–ના નેહા ઈલેકટ્રીક સેલ્સ સર્વિસમાંથી હલકા પ્રકારના સબમર્શીબલ પંપ તથા મોટર તથા કેપીટલ લાચેનલ બોર્ડ, કેબલ વાયર તથા બોર ટેસ્ટીંગ વગેરે ચીજવસ્તુ ખરીદ કરી સરકારશ્રી તરફથી જાહેર હિતમાં વાપરવા સારૂ ફાળવેલ નાણા તે પ્રમાણે ઉપયોગ ન કરી તથા ખોટા બીલો સાચા તરીકે રજુ કરી રેકર્ડ ઉપર બરાબર હોવાનું સર્ટીફીકેટ આપી સરકારી રજીસ્ટરોમાં ચેડા કરી રૂા.૧૬૯૫/– ની રકમ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાખેલ જે અંગે તપાસના અંતે પોલીસ ધ્વારા ભારતીય દંડ સંહિતાની

કલમ–૪૦૮,૪૦૯,૧૧૪ નો શિક્ષાને પાત્ર ગુનો કર્યાની અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આરોપીઓને પ્રોસેસ કાઢતાં અને હાજર થતાં,ક્રિ. પ્રો.કો.ની કલમ–૨૦૭ મુજબ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડેલ છે તથા ઈ.પી.કો.કલમ–૪૦૮,૪૦૯,૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ આંક–૫૦ થી મારા પુરોગામી ન્યાયાધીશશ્રીનાએ તહોમતનામુ ફરમાવી,આંક–૫૧ થી આંક–૫૪ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં,આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | ભુપેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | સાહેદ | ૧૭૪ |
| ૨. | પૃથ્વીસિંહ જસવંતસિંહ ચંપાવત | પંચસાહેદ | ૧૮૦ |
| ૩. | પ્રકાશકુમાર અળખાભાઈ પરમાર | સાહેદ | ૧૮૫ |
| ૪. | પરમાર શંકરભાઈ અળખાભાઈ | સાહેદ | ૧૮૬ |
| ૫. | તરાર અશોકભાઈ કોદરભાઈ | સાહેદ | ૧૮૭ |
| ૬. | મોહનભાઈ શંકરભાઈ સુથાર | ફરીયાદી | ૧૯૨ |
| ૭. | કેશુભાઈ મગનભાઈ પ્રજાપતિ | પંચસાહેદ | ૨૭૬ |
| ૮. | પો.સ.ઈ.નાથાભાઈ ગોવાભાઈ રબારી | ત.ક.અ. | ૨૮૮ |
| ૯. | તલાટી કમ મંત્રી બાબુભાઈ અમીચંદભાઈ પટેલ | સાહેદ | ૩૦૧ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ | વર્ણન | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | રોજમેળ કબજે કર્યા અંગેનું પંચનામું | ૧૮૧ |
| ૨. | તા.૧૦.૦૬.૨૦૦૩ નો કલેકટરશ્રીનો પત્ર | ટે.૧૯૩ |
| ૩. | તાલુકાવિકાસ અધિકારીશ્રીનો પત્ર | ૧૯૯ |
| ૪. | ફરીયાદ | ૨૦૭ |
| ૫. | સબમર્સીબલ પંપની કામગીરી અંગેની દરખાસ્ત | ટે.૨૦૮ |
| ૬. | ફોર્મ નં.૧૫ | ૨૦૯ |
| ૭. | નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વિસનુ બીલ | ૨૧૦ |
| ૮. | ચેક મળ્યા અંગેની પાવતી | ૨૧૧ |
| ૯. | નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વિસનું કોટેશન | ૨૧૨ |
| ૧૦. | વલ્કેશ ઈલેકટ્રોનીકસનું કોટેશન | ૨૧૩ |
| ૧૧. | શિવ ઈલેકટ્રોનીકનું કોટેશન | ૨૧૪ |
| ૧૨. | રાકેશ ઈલેકટ્રીક સ્ટોરનું કોટેશન | ૨૧૫ |
| ૧૩. | મેજરમેન્ટ બુક નં.૨૩૯૫ (પાના નં.૬૧) | ૨૧૬ |
| ૧૪. | મેજરમેન્ટબુક નં.૩૫૭૫ (પાના નં.૪૩) | ૨૧૭ |
| ૧૫. | ખુમાપુર ગ્રામપંચાયતની સ્થાવર મિલકત દર્શાવતુ રજીસ્ટર (પાના નં.૦૫) | ૨૧૮ |
| ૧૬. | રોજમેળ(પાના નં.૧૭) | ૨૧૯ |
| ૧૭. | સબ મર્સીબલ પંપ લગાવવા બાબતનું એસ્ટીમેન્ટ | ૨૨૦ |
| ૧૮. | સંસદ સભ્યની ગ્રાન્ટ ફાળવણીનો પત્ર | ટે.૨૨૧ |
| ૧૯. | સબ મર્સીબલ પંપ નાખવાની કામગીરી માટે વર્ક ઓર્ડરની કોપી | ૨૨૨ |
| ૨૦. | ઠરાવ નં.૦૩/૦૩ | ૨૨૩ |
| ૨૧. | બાંહેધરી પત્રક | ૨૨૪ |
| ૨૨. | પી.એ. ફોર્મ નં.૨૧ | ૨૨૫ |
| ૨૩. | મોહનપુર ગામમા હેન્ડ પંપ લગાવવાનુ એસ્ટીમેન્ટ | ૨૨૬ |
| ૨૪. | મોહનપુરમાં હેન્ડ પંપ નાખવાની કામગીરી માટે વર્ક ઓર્ડર | ૨૨૭ |
| ૨૫. | બાંહેધરી પત્રક | ૨૨૮ |
| ૨૬. | પી.એ.ફોર્મ નં.૨૧ | ૨૨૯ |

| | | |
|---|---|---|
| ૨૭. | ખારી ગામમા હેન્ડપંપ લગાવવાના એસ્ટીમેન્ટ | ૨૩૦ |
| ૨૮. | ખારી ગામમા હેન્ડપંપ લગાવવાના વર્ક ઓર્ડરની કોપી | ૨૩૧ |
| ૨૯. | બાંહેધરી પત્રક | ૨૩૨ |
| ૩૦. | પી.એ. ફોર્મ નં.૨૧ | ૨૩૩ |
| ૩૧. | ખારી ગામની કામગીરીનું વર્ગીકરણ પત્રક | ૨૩૪ |
| ૩૨. | કંપ્લીકેશન સર્ટીફીકેટ | ૨૩૫ |
| ૩૩. | ફરીયાદ દાખલ કરવા માટેના પત્ર | ૨૩૬ |
| ૩૪. | મુદ્દામાલ રેકર્ડ કબજે કર્યા બાબતના પંચનામુ | ૨૭૭ |
| ૩૫. | તપાસ હુકમ | ૨૮૯ |

(૪) ત્યારબાદ ક્રિ.પ્રો.કો.ની કલમ–૩૧૩ અન્વચે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં પણ આરોપીઓએ ફરીથી ગુનાનો ઈન્કાર કરેલ છે અને બચાવના સાહેદો તપાસવા નથી તેવુ જાહેર કરેલ છે.તેઓના વિશેષ નિવેદનમાં તેમના વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનુ અને તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

(૫) આ કામમાં ફરિયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રી.એમ.પી.કલહટ તથા બચાવપક્ષે વકીલશ્રી આર.જે.ડાભી તથા બી.વી.ચંપાવતની દલીલો સાંભળી.

(૬) ઉપરોકત હકીકત તથા પડેલ પુરાવાઓ ઉપરથી આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–::મુ દા ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ગઈ તા.૦૨/૦૫/૨૦૦૨ થી તા.૧૨/૦૬/૨૦૦૨ સુધીના સમયગાળા દરમ્યાનમાં ભિલોડા તાલુકાની ખુમાપુર ગ્રામ પંચાયતમાં સંસદ સભ્યના ફંડમાંથી ખુમાપુર ગામે સબમર્શીબલ ખરીદવા સારૂ કુલ રૂ.૫૧,૯૦૦/–ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ |

| | |
|---|---|
| | તેમાથી રૂા.૪૯,૩૦૫/–ના નેહા ઈલેકટ્રીક સેલ્સ સર્વિસમાંથી હલકા પ્રકારના સબમર્શીબલ પંપ તથા મોટર તથા કેપીટલ લાયેનલ બોર્ડ,કેબલ વાયર તથા બોર ટેસ્ટીંગ વગેરે ચીજવસ્તુ ખરીદ કરી સરકારશ્રી તરફથી જાહેર હિતમાં વાપરવા સારૂ ફાળવેલ નાણા તે પ્રમાણે ઉપયોગ ન કરી તથા ખોટા બીલો સાચા તરીકે રજુ કરી રેકર્ડ ઉપર બરાબર હોવાનું સર્ટીફીકેટ આપી સરકારી રજીસ્ટરોમાં ચેડા કરી રૂા.૧૬૯૫/–ની રકમ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાખેલ જે અંગે તપાસના અંતે પોલીસ ધ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૮, ૪૦૯,૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં, |
| (૨) | આખરી હુકમ મુજબ. |

**<u>કારણો અને ચર્ચા</u> :–**

(૮) ફરીયાદપક્ષે સૌપ્રથમ સાહેદ ભુપેન્દ્રભાઈ ભોગીલાલ શાહને આંક–૧૭૪ થી સોગંદ ઉપર તપાસતા એવો પુરાવો રજુ કરે છે કે,''હું સને–૨૦૦૩ની સાલમાં ભિલોડા ખાતે જાહેર આરોગ્ય યાંત્રીક પેટા વિભાગ પાણી પુરવઠામાં નાયબ કાર્યપાલક તરીકે ફરજ બજાવતો હતો.અમારે ફરજના ભાગરૂપે ગામડાઓમાં હેન્ડપંપ બનાવી,બોર બનાવા વગેરે કામગીર રહેતી. અમારે આ કામગીરી આખા તાલુકામાં બજાવવાની હતી.હેન્ડપંપના બોરની ઉંડાઈના ચેકીંગ માટે વાયરની દોરીને છેડે વજન લગાડી વજન સહીત દોરી બોરમાં ઉતારવામાં આવે તેમજ વજન બોરના તળીયે બેસી જાય તે રીતે દોરીનું માર્કીંગ કરી મેજર ટેપથી બોરમાં ઉતારેલ દોરીને માપીને બોરની ઉંડાઈની ખાતરી કરવામાં આવે છે.આવી કામગીરી ખારી ગામે મામલતદારશ્રીની સૂચના

આધારે ટેકનીકલનું કામ કરતા સુપરવાઈઝરને મોકલેલા હશે.સને-૨૦૦૩ ની સાલમાં પોલીસવાળા મારી પાસે આવેલ કે કેમ ? તે મારા ધ્યાનમાં નથી.''

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એવુ જણાવે છે કે,''એ વાત ખરી છે કે,બનાવ અંગે મને કોઈ જાત માહીતી નથી.એ વાત ખરી છે કે,બોર પોચો અને પોલાણવાળો હોય સ્ટ્રેપથી ફરી બોરનું પુરાણ થઈ જવાની શકયતા છે.એ વાત ખરી નથી કે,પાણીનો આવરો વધુ હોય તો બોરનું પુરાણ થઈ શકે.એ વાત ખરી છે કે,બોલ્ડર વચ્ચે આવી જવાથી વજનવાળો પદાર્થ ત્યાં વચ્ચે અટકી જાય છે.એ વાત ખરી છે કે,ઘણીવાર પી.વી.સી. કેસીંગ પાઈપ પણ ફાટી જતી હોય છે.એ વાતની મને ખબર નથી કે ઘણીવાર પંચાયતમાં વૈમનસ્ય રાખીને લોકો ઘણીવાર ખોટી અરજીઓ પણ કરતા હોય છે.એ વાત ખરી છે કે,મામલતદારે મને ચેકીંગ પત્ર આપેલો કે કેમ ? તે મારા ધ્યાને નથી.એ વાત ખરી નથી કે,સરતપાસમાં જણાવેલી હકીકત ખોટી જણાવુ છું.એ વાત ખરી છે કે,બોરની ઉંડાઈ માપવા માટે દોરીની પધ્ધતિ કોઈ સાયન્ટીફીક પધ્ધતિ નથી.''

(૯) ફરીયાદપક્ષે પંચસાહેદ પૃથ્વીસિંહ જશવંતસિંહ ચંપાવતને આંક -૧૮૦ થી સોગંદ ઉપર તપાસતા એવો પુરાવો રજુ કરે છે કે,''હું ધોરણ-ચાર નાપાસ છું.મને અસલ પંચનામું બતાવતા તેમાં પંચ નં.૨ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવેલ છે.મેં આ સહી પંચાયતમાંથી રોજમેળ કબજે કરેલો તે બાબતે સહી કરવાનું કહેતા સહી કરી આપેલી.આ રોજમેળ ખુમાપુર ગ્રામ પંચાયતનો હતો.મારી હાજરીમાં ફકત રોજમેળ કબજે કરેલો બીજુ કાંઈ કબજે કરેલ નહી જે પંચનામું આંક-૧૮૧ થી રજુ રાખવામાં આવેલ છે. આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે.જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એવુ જણાવે છે કે,''એ વાત ખરી છે કે,મેં લખેલા કાગળ ઉપર સહી કરેલી તે સિવાય મને બીજી કોઈ જાત માહીતી નથી.એ વાત ખરી

છે કે,મને કોઈ રોજમેળ બતાવેલ નહી.એ વાત ખરી છે કે,પંચનામામાં શું લખેલ તેની મને જાત માહીતી નથી.''

(૧૦) ફરીયાદપક્ષે સાહેદ પ્રકાશકુમાર અળખાભાઈ પરમારને આંક –૧૮૫ થી સોગંદ ઉપર તપાસતા એવો પુરાવો રજુ કરે છે કે,''હું બી.એસ.એ.એમ.ની ડીગ્રી ધરાવુ છું અને ખુમાપુર ગામે પ્રાઈવેટ દવાખાનું ચલાવુ છું અને અમારી પંચાયત ખુમાપુર લાગે છે.સને ૨૦૦૨ની સાલમાં સરપંચ તરીકે બદીબેનનાઓ હતા અને પાંચ વર્ષ સુધી સરપંચ તરીકે રહેલા અને બદીબેનનાઓ સરપંચ તરીકે હતા અને લાંબો સમય રહેલ હોય તો તે યાદ રહેલ નથી.મારે માંદા માણસો હોય તો તેની દવા કરવાની હોય છે.હું આવતા માણસોને આયુર્વેદ દવાઓ લખતો હતો જેમાં આમરસ,સોમવતીરસ, ચંન્દ્રપ્રભાવરી વગેરે દવાઓ આપુ છું અને દવાઓ લખવાની ૧૯૮૦ની સાલમાં શીખેલો અને આ બદીબેન સરપંચ હતા ત્યારે કમિટી સભ્યમાં હતો તે વખતે પંચાયતમાં રસ્તાઓ,પાણી બાબતે અને ગામની સફાઈ વિગેરે બાબતો કરતા હતા.પાણીની તકલીફ હોય તે બાબતે સરપંચ બોર કરીને નિકાલ લાવતા. બોરમાંથી પાણી મોટર ધ્વારા કાઢતા હતા તે મોટર કયાંથી લાવતા તે મને ખબર નથી.તે મોટર ડેપ્યુટી અને સરપંચશ્રી લાવતા હતા તે વખતે ડેપ્યુટી સરપંચશ્રી શંકરભાઈ અળખાભાઈ લાવતા હતા તેઓ કયાં થી લાવતા હતા તેની મને ખબર નથી.૨૦૨૩ની સાલમાં પોલીસવાળા કેમ આવેલા તેની મને ખબર નથી.પોલીસે મને કાંઈ પુછેલ નહી પરંતુ સહી કરવાનું કહેતા મેં સહી કરી આપેલી.પોલીસે મને કાંઈ જણાવેલ નહી.''આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે.જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એવુ જણાવે છે કે,''ખુમાપુર પંચાયતમાં રીગબોર કે ઈલેકટ્રીક મોટર બાબતે કોઈ ગેરરીતી થયેલ નથી.''

(૧૧) ફરીયાદપક્ષે સાહેદ પરમાર શંકરભાઈ અળખાભાઈને આંક-૧૮૬ થી સોગંદ ઉપર તપાસતા એવો પુરાવો રજુ કરે છે કે,''હું ૧૯૯૭માં ખેતીનો ધંધો કરતો હતો અને ડેપ્યુટી સરપંચ તરીકે હોદ્દો ધરાવતો હતો અને તે વખતે સરપંચ તરીકે બદીબેન ભગોરાનાઓ હતા.અમારે પંચાયતમાં પાણીના, રસ્તાના,લાઈટના,ઘરવેરો ઉઘરાવવાના વગેરે કામો કરવાના રહેતા પાણી માટે બોરની મોટર બળી જાય તો નવી લાવવાની અને બોરમાં ઉતારવાની કામગીરી કરતા.અમો ખુમાપુર ગામ માટે મોટર લાવવાની હોય ત્યારે તાલુકા પંચાયતમાં માંગણી કરાવવી અને અમારે વેપારીઓ પાસેથી કોટેશન માંગવાના હોય છે,કયાંથી કોટેશન લાવતા હતા તે હાલ યાદ નથી. ૨૦૦૧ કે તેના પછી તપાસ થયેલી અને ત્યાં તપાસ માટે તાલુકા પંચાયતમાંથી વિસ્તરણ અધિકારી આવેલા અને ત્યારબાદ પોલીસવાળા પણ આવેલા.પોલીસે આવીને નામ અને શું હોદ્દો છે તે પુછેલુ અને મેં મારૂ નામ અને હોદ્દો જણાવેલ.મેં મોટરની કાયદેસર ખરીદી થયેલ તે બતાવેલું અને તે વખતેતલાટીમાં અરવિંદભાઈનાઓ હતા અને તેઓ ઈન્ચાર્જમાં આવેલા હતા.''આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે.જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એવુ જણાવે છે કે,''ખુમાપુર પંચાયતમાં રીંગબોર કે ઈલેકટ્રીક મોટર બાબતે કોઈ ગેરરીતી થયેલ નથી.''

(૧૨) ફરીયાદપક્ષે સાહેદ તરાર અશોકભાઈ કોદરભાઈને આંક-૧૮૭થી સોગંદ ઉપર તપાસતા એવો પુરાવો રજુ કરે છે કે,''હું સને ૨૦૦૧થી ૨૦૦૫ સુધી ઈલેકટ્રીક મોટરોનું કામ કરતો હતો અને ઈલકેટ્રીક મોટરોની ખરીદી માટે કોઈ કોટેશન આપે તો મોટરો આપતા હતા અને કોઈ મોટર બગડી ગયેલ હોય તો રીપેર કરતા હતા હું ગ્રામ પંચાયતના સરપંચ બદીબેનને ઓળખુ છું તેઓ સરપંચ તરીકે ખુમાપુરમા હતા,હું જે કોટેશન બનાવીને આપતો હતો તેની મારી પાસે બીલ બુક હતી અને કોટેશનબુક પણ હતી અમારી દુકાનનું

નામ નેહા ઈલકેટ્રીક રાખ્યુ હતુ અને નેહા ઈલેકટ્રીકનુ કોટેશન બતાવે તો તે ઓળખી શકે.સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે વધુ સરતપાસ કરતા એવુ જણાવે છે કે,મને આંક–૨૧૦ વાળુ નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસનુ અસલ બીલ બતાવવામાં આવે છે જે જોઈને જણાવુ છુ કે,જેમાં અક્ષરો મારા છે તથા તેમાં મેં સહી કરેલ છે તથા સદર બીલ રૂા.૫૧,૦૦૦/– નુ સબમર્સીબલ મોટર,કેબલ વાયર,બોર ટેસ્ટીંગ બોર્ડ,ગેલ્વેનાઈઝ પાઈપ અંગેનુ છે તથા આ બીલ સરપંચ તથા તલાટી મંત્રી ચીબોડા–ખુમાપુર ગ્રામ પંચાયતનુ છે.મને આંક–૨૧૧ વાળુ નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસની મારા પિતાના સ્વહસ્તાક્ષરમાં લખેલ પહોંચ છે જેમાં ખુમાપુર ગ્રમ પંચાયત બીલ નં.૬૩ મુજબ માલ સામાન આપેલ તે પૈકી રૂા.૪૯,૩૦૫/–, સા.કા.કો.ઓ.બેંક,ભીલોડા શાખાનો ચેક નં.૫૩૯૯૨ લખેલ છે અને જેમાં નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસનો સીકકો છે તથા સરપંચ ખુમાપુર ગ્રામ પંચાયતની સહી અને સીકકો છે તથા સદર પહોંચ પૈસા મળ્યા અંગેની છે.મને આંક–૨૧૨ વાળુ નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસની મારા પિતાના સ્વહસ્તાક્ષરમાં લખેલ કોટેશન છે જેમાં ખુમાપુર ગ્રમ પંચાયતને ઈલેકટ્રીક મોટર ૭.૫ એચ.પી.ની કી.રૂા.૨૯,૯૦૦/–,તેમજ કોલમ પાઈપ કી.રૂા.૭૮૫૦/– તેમજ કેબલ વાયર ૧ મીટરના ભાવ મુજબ રૂા.૭૭૫૦/–નુ છે તથા નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસનો સીકકો છે તથા સરપંચ ખુમાપુર ગ્રામ પંચાયતની સહી અને સીકકો છે.

જયારે બચાવપક્ષે આરોપી નં.૧,૨,૪ તરફેની ઉલટતપાસમાં એવુ જણાવે છે કે,''એ વાત ખરી છે કે,મેં નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસની પંચાયતમાં નોંધ કરાવેલ અને ગુમાસ્તા ધારાનુ લાયસન્સ ધરાવતા હતા.એ વાત ખરી છે કે,નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસનો વહીવટ હુ તથા મારા પિતા બંને કરતા હતા.એ વાત ખરી છે કે,કોઈ બોર કરવાનો હોય તો

બોરની ઉંડાઈ વીગેરેનુ ટેસ્ટીંગ કરી માપણી કરતા હોઈએ છીએ.એ વાત ખરી છે કે,બોરમાં મોટર ઉતારવા અંગેની મજુરી મજુરોને અલગથી આપવામાં આવે છે.એ વાત ખરી છે કે,આંક–૨૧૦ વાળા બીલની રકમ રૂા.૫૧,૯૦૦/– અમોને ચેકથી મળી ગયેલ છે તથા આ બીલમાં ચેક મારા નામનો આપેલ છે તેવી નોંધ કરી લખેલ છે.એ વાત ખરી છે કે,આંક–૨૧૨ વાળા કોટેશનમાં બોરની ટેસ્ટીંગનો ખર્ચ રૂા.૬૭૦૦/–દર્શાવેલ નથી.એ વાત ખરી છે કે,આંક –૨૧૨ વાળા કોટેશનમાં કુલ રકમનો સરવાળો કરેલ નથી.એ વાત ખરી છે કે,ઈલેકટ્રીક મોટર,કેબલ,પેનલ બોર્ડ વીગેરેના ભાવો મુજબ બીલ અલગ અલગ બનાવીએ છીએ તથા અમોને હાલના કામે સદર રકમ મળી ગયેલ છે.એ વાત ખરી છે કે,આંક–૨૧૧ વાળી પહોંચ મારા પિતાશ્રીએ તેઓના સ્વ હસ્તાક્ષરમાં આપેલ છે.એ વાત ખરી છે કે,બોરમાં મોટર ઉતારવાની મજુરી મજુરોને રોકડા ચુકવીએ છીએ અને તે રકમ પંચાયત પાસેથી બીલ મુજબ ચેકથી મેળવીએ છીએ.એ વાત ખરી છે કે,આંક–૨૧૨ વાળા બીલની પુરેપુરી રકમ મને મળી ગયેલ છે તથા કોઈ રકમ બાકી નથી.એ વાત ખરી છે કે,સામાન્ય રીતે પંચાયત કોટેશનમાં જેના ભાવ નીચા હોય તેની પાસેથી ખરીદી કરતી હોય છે.એ વાત ખરી છે કે,ખુમાપુર ગ્રામ પંચાયતે અમારી દુકાનેથી આઈ.એસ.આઈ.માર્કાની લુબી કંપનીની સ્ટાન્ડર્ડ મોટર ખરીદ કરેલી.એ વાત ખરી છે કે,પંચાયતનો નાણાંકીય વહેવાર ચેકથી થાય છે તથા રોકડેથી કોઈ વહેવાર થયેલ નથી.

જયારે બચાવપક્ષે આરોપી નં.૩ તરફેની ઉલટતપાસમાં એવુ જણાવે છે કે,''એ વાત ખરી છે કે,ખુમાપુર ગ્રામ પંચાયતે અમારી દુકાનેથી આઈ.એસ.આઈ. માર્કાની લુબી કંપનીની સ્ટાન્ડર્ડ મોટર ખરીદ કરેલી.એ વાત ખરી છે કે,જે તે બોરની મોટર ઉતાર્યા બાદ બોર ચાલુ થઈ ગયાની ખાતરી કર્યા બાદ જે તે પંચાયત ચેક કરી,ત્યારબાદ બીલની રકમ ચુકવતા હોય છે.એ વાત

ખરી છે કે,ગ્રામ લોકોના હીતમાં ઘણી વખત ગ્રન્ટ ના હોય તો પંચાયતના બોડીના સભ્યો તથા સરપંચ અને તલાટીની વિનંતીથી અમો નાણાં મળ્યા પહેલા કામગીરી કરતા હતા.એ વાત ખરી છે કે,પંચાયત અમારા કાયમી ગ્રાહક હોય જેથી પાણીની વૈકલ્પીક વ્યવસ્થા માટે ઘણી વખત અમો મોટર ઉતારી કામ કરતા હતા.એ વાત ખરી છે કે,ગ્રમ પંચાયત અને અમારી વચ્ચે કોઈ રોકડ નાણાંકીય વહેવાર થયેલ નથી.''

(૧૩) ફરીયાદપક્ષે ફરીયાદી મોહનભાઈ શંકરભાઈ સુથારને આંક –૧૯૨ થી સોગંદ ઉપર તપાસતા એવો પુરાવો રજુ કરે છે કે,''હુ ૨૦૦૩ની સાલમાં ભિલોડા તાલુકામાં વિસ્તરણ અધિકારી તરીકે ફરજ બજાવતા હતો.આ ફરજ દરમીયાન સાબરકાંઠા જીલ્લાના કલેકટર સાહેબના ખાનગી પત્ર નં.પીએ/મુમક/૫/૨૦૦૩,તા.૧૦/૬/૦૩, પત્ર નં.૧૭૫ તથા ૧૭૭ થી તાલુકા વિકાસ અધિકારી ભિલોડાના પત્ર નં. ટીપી/ગ્રાવીએ તપાસ/૧૬૫/વ/૨૦૦૩,તા.૧૨/૬/૦૩ મળેલ અધિકાર અને સત્તાની રુએ ભિલોડા પો.સ્ટે.માં ગુન્હો નોધાવેલ હતો.જે મહેરબાન કલેકટર સાહેબનો પત્ર મળેલો જેમાં મહે.કલેકટર સા.શ્રીની સહી છે જે અસલ પત્ર અમારા ટી.ડી.ઓ.સાહેબે રાખેલ અને જેની નકલ અમોને મોકલેલી અને તા.૧૦/૬/૦૩નો મહે.કલેકટર સા.શ્રીનો પત્ર મને મળેલો તેની ઝેરોક્ષ કરેલ છે જેને તે ટેન્ટેટીવ આંક–૧૯૩ થી રજુ કરેલ છે.

ગઈ મુદતે મને જે પત્ર લાવવાનું કહેલું તે પત્ર હું આજરોજ મારી સાથે લાવેલ છું જેમાં તાલુકા વિકાસ અધિકારીશ્રીની સહી છે અને જે મારા નામ જોગ છે જે આંક–૧૯૯ થી રજુ કરેલ છે.ભિલોડા તાલુકામાં સંસદ સભ્યશ્રી અને ધારાસભ્યશ્રી ફંડમાંથી ભિલોડા તાલુકાના ખુમાપુર–ખારી–મોહનપુર ગામે વિકાસના કામો મંજૂર કરવામાં આવેલ જેમાં ગંભીર પ્રકારની ગેરરીતીની ફરીયાદ થયેલ જે નીચે મુજબ છે.(૧)ભિલોડા તાલુકાના ખુમાપુર

ગ્રામ પંચાયતના સંસદ સભ્યશ્રીના ફંડમાંથી સબમર્સીબલ પંપનું કામ મંજૂર કરવામાં આવેલ જે કામની એજન્સી તરીકે ગ્રામ પંચાયતને નિયુકત કરવામાં આવેલ હતી.ગ્રામ પંચાયતના સરપંચ મારફતે કામ થયા વગર નાણાં ઉપાડી લીધા જેથી ગ્રામજનોની જરુરીયાત ધ્યાને લઈ ગ્રામજનોએ નાણાંકીય ફાળો એકત્રીત કરેલો તે રકમમાંથી ચુકવણી કરી સબમર્શીબલ પંપની ખરીદી કરેલ હતી.ગામમાં ઉહાપોહ થતા પાછળથી ગ્રામ પંચાયતે હલકી કક્ષાનું સબમર્શીબલ પંપ રજૂ કરેલ હતો.તલાટીશ્રીએ ગ્રામ પંચાયતના ડેડ સ્ટોક રજીસ્ટર ઉપર સબમર્શીબલ પંપ જમા લીધેલ હતો જે અંગેનું પ્રમાણપત્ર તલાટીશ્રીએ તારીખ ૦૭.૦૫.૨૦૦૨ના રોજનું આપેલ હતું.ખરીદીનું બીલ તારીખ ૧૫.૦૬.૨૦૦૨ના રોજનું હતું.આમ જોતાં તાલુકા પંચાયતના અધિક મદદનીશ ઈજનેરશ્રી વી.બી.પીઢાકરનાઓએ એમ.બી.(મેઝરમેન્ટ બુક) રેકર્ડ કરી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી એ.કે.શાહની એમ.બી.માં સહી લઈ નાણાંની ચુકવણી તાલુકા પંચાયત મારફતે ગ્રામ પંચાયતને ચુકવવામાં આવેલ હતા જેમાં મદદનીશ ઈજનેરશ્રી વી.બી.પીઢાકરનાઓએ સ્થળ ઉપર સબમર્શીબલ પંપ હાજર ન હોવા છતાં એમ.બી.(મેઝરમેન્ટ બુક) રેકર્ડ કરેલી અને એમ.બી.માં સહીઓ કરેલી.

મને મેજરમેન્ટ બુક નં.૨૩૯૫ તથા ૩૫૭૩ બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છું કે,આ તે જ મેજરમેન્ટ બુક છે.આ મેજરમેન્ટ બુક તાલુકા પંચાયતના સુપરવાઈઝરે જે કંઈ પણ વિકાસના કાર્યો થયેલ હોય તેની ચકાસણી કર્યા બાદ ભરવાની હોય છે.આ મેજરમેન્ટ બુકો જે તે સમયે ભરવાની જવાબદારી તાલુકા પંચાયતના સુપરવાઈઝરશ્રી વિજયભાઈ બી.પેટાકરની હતી આ મેજરમેન્ટ બુકમાં સ્થળ ઉપર જે કામગીરી થયેલ હોય તેની તમામ વિગત સુપરવાઈઝરે ભરીને કામ થયા બાબતનું બીલ બનાવવાનું રહેતુ હતું.આ મેજરમેન્ટ બુકમાં ખુમાપુર ગામમાં સંસદ સભ્યશ્રીના ફંડમાથી

સબમર્સીબલ પંપ મંજુર થયેલો અને તેની કામગીરી ખુમાપુર ગામના પંચાયતને આપવામાં આવેલી અને તેનું નિરીક્ષણ કરીને વિજયભાઈ પેટાકરે મેજરમેન્ટ બુકમાં તેની નોંધ કરવાની હતી.આ વખતે વિજયભાઈએ ખુમાપુર ગામમાં સબમર્સીબલ પંપ ખરીદાયેલ ન હોવા છતાં મેજરમેન્ટ બુકમાં તેની નોંધ કરી બીલ બનાવી ગ્રામ પંચાયતને તે બીલના નાણાં ચુકવી અપાવેલા. ખુમાપુર ગામમાં લોકફાળાથી ખરીદેલ સબમર્સીબલ પંપ બતાવેલો પરંતુ આવો કોઈ સબમર્સીબલ પંપ સંસદ સભ્યના ફાળામાંથી ખરીદાયેલ નહીં.ત્યારબાદ ગામ લોકોને ખબર પડેલ કે,સંસદ સભ્યશ્રીની ગ્રાન્ટ મંજુર થયેલ હોવા છતાં ગામલોકોના ફાળાથી ખરીદાયેલ સબમર્સીબલ પંપ સંસદ સભ્યશ્રીની ગ્રાન્ટમાં બતાવીને સરપંચશ્રીએ સંસદ સભ્યશ્રીની ગ્રાન્ટનો દુરઉપયોગ કરેલ છે જેથી ગામમાં ઉહાપોહ થતાં અને ગામના લોકો પંચાયત ઓફીસમાં જતા સરપંચ અને તલાટીએ રાતોરાત હલકી ગુણવત્તાનો સબમર્સીબલ પંપ ખરીદીને પંચાયતમાં મુકી દીધેલો અને તલાટીશ્રી એ.જી.પરમારે આ હલકીગુણવત્તાના સબમર્સીબલ પંપની નોંધ તા.૦૭/૦૫/૦૨ના રોજ પંચાયતના ડેડસ્ટોક રજીસ્ટરમાં કરી દીધેલી આનુ બીલ તા.૧૫/૦૬/૦૨ ના રોજનુ પંચાયત ઓફીસમાં આવેલ.આમ તલાટીશ્રીએ સબમર્સીબલ પંપ ખરીદાયેલ ન હોવા છતાં અગાઉની તારીખમાં પંચાયતના ડેડસ્ટોક રજીસ્ટરમાં હલકી ગુણવત્તાના સબમર્સીબલ પંપની નોંધ કરી દીધેલી.આમ સરપંચ બદીબેન સોમાભાઈ ભગોરા તથા તલાટીશ્રી એ.જી.પરમારે નાણાંની ગેરરીતી કરી નાણાંનો પોતાના અંગત ઉપયોગ સારુ કરેલો.ત્યારબાદ સસંદ સભ્યશ્રીની ગ્રાન્ટનો ખુમાપુર,મોહનપુર અને ખારી ગામમાં દુરઉપયોગ થયેલાનુ મુખ્યમંત્રીશ્રીને અરજી થતાં મુખ્યમંત્રીશ્રીની ઓફીસમાંથી કલેકટરશ્રી સાબરકાંઠાને આ બાબતે તપાસ કરવા માટે લેખીતમાં જાણ કરેલી જે અનુસંધાને કલેકટરશ્રીએ તેમના માણસો ધ્વારા તપાસ કરાવતાં આ ત્રણેય ગામોમાં કામોની અંદર

અનીયમિતતા થયેલાનુ જણાતાં કલેકટરશ્રીએ તાલુકા વિકાસ અધિકારીશ્રી ભિલોડાને તા.૧૦/૦૬/૨૦૦૩ ના રોજ ફરીયાદ દાખલ કરવા બાબતે પત્ર લખેલો તે પત્ર અનુસંધાને તાલુકા વિકાસ અધિકારીશ્રીએ મને લેખીતમાં સંબંધીત પો.સ્ટે.માં આ ગેરરીતીઓ બાબતે ફરીયાદ દાખલ કરવા માટે મને જણાવેલ.મને તાલુકા વિકાસ અધિકારીશ્રીનો પત્ર મળતાં મે ભિલોડા પો.સ્ટે. માં ફરીયાદ આપેલી જે અસલ ફરીયાદમાં મારી સહી છે જે ઓળખી બતાવેલ છે જે આંક–૨૦૭ થી રજુ રાખવામાં આવેલ છે.ખુમાપુર ગામે સબમર્સીબલ પંપ આવેલ ન હોવા છતાં તાલુકા પંચાયતના સુપરવાઈઝર શ્રી વી.બી.પેટાકરે ખોટી મેજરમેન્ટ બુક કરેલી અને ગ્રામ પંચાયત ખુમાપુરમાં સબમર્સીબલ પંપના નાણા અંદાજે રૂા.૫૧,૯૦૦/– જેવી રકમ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી બદીબેન સોમાભાઈ ભગોરા,તલાટી કમ મંત્રીશ્રી એ.જી.પરમાર તથા બીલ ઉપર નાયબ કાર્યપાલકશ્રી એ.કે.શાહે સહી કરી કામનુ ચેકીંગ બતાવેલુ.આમ, ખુમાપુર ગ્રામ પંચાયતના સરપંચ તથા તલાટી,તાલુકા પંચાયતના સુપરવાઈઝર તથા નાયબ કાર્યપાલકશ્રીએ નાણાની ગેરરીતી કરેલી.ખુમાપુર ગામમાં સબમર્સીબલ પંપ માટેની કામગીરી કરવા માટેની જે દરખાસ્ત થયેલી જે અસલ દખાસ્ત કોર્ટના રેકર્ડમાં આંક–૭૨ ના લીસ્ટથી રજુ થયેલ છે તે દરખાસ્ત કોર્ટના રેકર્ડમાંથી જોઈ જણાવુ છુ કે આ તે જ અસલ દરખાસ્ત છે જેમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી ભિલોડાની સહી છે જે મે પોલીસને જે તે વખતે આપેલ જેને ટેન્ટેટીવ આંક–૨૦૭થી રજુ રાખવામાં આવેલ છે.આજ સમયગાળા દરમ્યાન મોહનપુર ગામમાં પણ સસંદ સભ્યશ્રીની ગ્રાન્ટમાંથી મોહનપુર ગામમાં ભાંભી ખેમાભાઈ કચરાભાઈના ઘર નજીક હેન્ડપંપ બનાવવાનુ મંજુર થયેલુ.આ હેન્ડપંપ બનાવા બાબતેની ફરીયાદ જે તે વખતે મુખ્યમંત્રીશ્રીને લેખીતમાં ફરીયાદ થતાં કલેકટરશ્રીએ તેમના કર્મચારીઓ મારફતે સ્થળ ઉપર તપાસ કરાવેલી જે તપાસમાં હેન્ડપંપ ખોલાવી

જોતાં તેની ઉંડાઈ ૫૫.૫ મીટર નીકળેલી જયારે તેની એમ.બી.માં નોંધ ૭૦ મીટરની બતાવેલ હતી.આમ ૧૫ મીટર કામ ઓછુ થયેલ હોવા છતાં એમ.બી. માં ૧૫ મીટર કામ વધારે બતાવેલ હતુ.જયારે પંપમાં કચરો ન પડે તે માટે પી.વી.સી.ની કેસીંગ પાઈપ નાખવાની હોય છે પરંતુ આ કેસીંગ પાઈપ ૬ મીટર જ નાખેલ હોવા છતાં મેજરમેન્ટ બુકમાં ૧૫ મીટર નાખેલાનુ દર્શાવેલુ.જયારે પંપમાંથી પાણી કાઢવા માટે જે પાઈપ નાખેલી તે ૩૩ મીટરની જ નાખેલ હોવા છતાં એમ.બી.બુકમાં ૩૬ મીટર બતાવેલ હતી.આમ આ ટોટલ કામની ગણતરી કરતાં રૂા.૬૦૦૦/–નુ કામ ઓછુ થયેલ હોવા છતાં સુપરવાઈઝરશ્રીએ રેકર્ડમાં રૂા.૬૦૦૦/– વધારે બતાવેલ હતા.આમ રૂા. ૬૦૦૦/– ની ગેરરીતી થયેલાનુ માલુમ પડેલુ.આજ રીતે ભિલોડા તાલુકાના ખારી ગામમાં નિનામા ફળીયામાં હેન્ડપંપ નાખવાનુ સસંદ સભ્યશ્રીની ગ્રાન્ટમાંથી મંજુર થયેલુ જેની તપાસ કરતાં એમ.બી.બુકમાં ૬૮ મીટરની ઉંડાઈ બતાવેલી પરંતુ ૫૭ મીટર સુધી જ ઉંડાઈ કરવામાં આવેલી,જયારે કેસીંગ પાઈપ ૪ મીટર સુધી નાખેલ હોવા છતાં એમ.બી.બુકમાં ૨૦ મીટરની બતાવેલ હતી.આ તમામ કામ જોતાં ખારી ગામના નીનામા ફળીયામાં હેન્ડપંપ બનાવવાનો ખર્ચ રૂા.૬૩૦૦/– રેકર્ડમાં વધારે બતાવવામાં આવેલો.આમ મોહનપુર ગામ,ખારી ગામ આ બન્ને ગામમાં હેન્ડપંપ અને ખુમાપુર ગામમાં સબમર્સીબલ પંપ નાખવામાં જે ગેરરીતી થયેલી તેમાં ખુમાપુર ગામના સરપંચ,ખુમાપુર ગામના તલાટી કમ મંત્રી,તાલુકા પંચાયતના સુપરવાઈઝર તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ભિલોડાએ ગેરરીતી કરેલી. જે તે વખતે ખુમાપુર ગામના સરપંચ બદીબેન સોમાભાઈ ભગોરા,ખુમાપુર ગામના તલાટી કમ મંત્રી એ.જી.પરમાર,તાલુકા પંચાયતના સુપરવાઈઝર વિજયભાઈ બી.પેઢાકર અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી એ.કે.શાહ હતા અને આ લોકોએ આ ત્રણેય ગામના ઉપરોકત ત્રણેય કાર્યો બાબતે નાણાની

ગેરરીતી કરેલી.કવરમાં રજુ કરેલ કોટેશન રજુ કરવા માટે એ.પી.પી.શ્રીએ કવર ખોલવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલ છે.આ કવર કોર્ટ રૂબરૂ ખોલતાં તેમાંથી ફોર્મ નં.૧૫ વાઉચર,નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસનુ કોટેશન તા.૧૫/૦૬/૨૦૦૨નુ,નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસને ચેક મળ્યાની પાવતી તા.૦૩/૦૭/૨૦૦૨,નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસનુ કોટેશન બીલ ખુમાપુર ગામ તા.૦૭/૦૫/૨૦૦૨, વલ્કેશ ઈલેકટ્રોનીક તા.૦૭/૦૫/૨૦૦૨નુ કોટેશન બીલ,શીવ ઈલેકટ્રોનીકસ ભિલોડાનુ કોટેશન તા.૦૬/૦૫/૨૦૦૨ ના રોજનુ,રાકેશ ઈલેકટ્રીક સ્ટોર્સનુ કોટેશન બીલ તા.૦૫/૦૫/૨૦૦૨ ના નીકળેલ છે.કામગીરી થયા બાદ તાલુકા પંચાયતમાંથી ચેક બનાવી ગ્રામપંચાયતને મોકલવામાં આવે છે અને જે સંસ્થાનુ કોટેશન મંજુર થયેલ હોય અને તે સંસ્થામાંથી માલ ખરીદેલ હોય તે સંસ્થાને ફોર્મ નં.૧૫ ભરીને ગ્રામ પંચાયત ચેકથી નાંણા ચુકવે છે જે ફોર્મ નં .૧૫ મને બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છુ કે આ ફોર્મ નં.૧૫, તા.૦૩/૦૭/૨૦૦૨ ના રોજનુ ખુમાપુર ગ્રામ પંચાયતે ભરેલ છે તે છે તેમાં રકમ રૂા.૪૯,૩૦૫/– નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસ ભિલોડાને ચેક નં. ૫૩૯૪૧ થી ચુકવવા બીલ બનાવવામાં આવેલ છે જે ફોર્મ ઉપર ગ્રામ પંચાયત ખુમાપુરના સરપંચનો સિકકો છે અને તેમાં સહી બદીબેન સોમાભાઈ ભગોરાએ કરેલ છે તથા તેમાં ખુમાપુર ગામના તલાટી કમ મંત્રીશ્રી એ.જી.પરમારની પણ સહી છે.આ ફોર્મ મેં જે તે વખતે પંચાયતના દફતરેથી મેળવેલુ અને મેં પોલીસને આપેલુ જે અસલ ફોર્મ હુ ઓળખી બતાવુ છુ જે આંક –૨૦૯ થી રજુ રાખવામાં આવેલ છે.મને નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસનુ બીલ બતાવવામાં આવે છે તે તા.૧૫/૦૬/૨૦૦૨ ના રોજનુ છે અને તે સરપંચશ્રી ખુમાપુર ગામના નામનુ છે તેમાં બીલનો નં.૬૩ છે જેમાં બીલની વિગતોમાં સબમર્સીબલ પંપની કિ.રૂા.૨૯,૯૦૦/–,કેપેસીટર પેનલની

કિ.રૂા.૭૮૫૦/–,કેબલ વાયર ૧૦૦ મીટરની કિં.રૂા.૬૭૦૦/–,બોર ટેસ્ટીંગ વિગેરેની કિં.રૂા.૭૭૫૦/– આમ કુલ રકમ રૂા.૫૧,૯૦૦/– ની બતાવેલ છે તેમાં સરપંચશ્રી ખુમાપુરનાઓએ પંચાયતનો સિકકો મારી સહી કરેલ છે જે સહી બદીબેન સોમાભાઈ ભગોરાએ સરપંચ તરીકે કરેલ છે.આ બીલમાં બીલ બનાવનાર તરીકે નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસના પ્રોપરાઈટરની સહી છે જે બીલ પણ મેં પંચાયતના રેકર્ડમાંથી મેળવીને પોલીસને આપેલુ જે અસલ બીલ હુ ઓળખી બતાવુ છુ આંક–૨૧૦ થી રજુ રાખવામાં આવેલ છે. નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસના પ્રોપરાઈટરે તેમના બીલ નં.૬૩ ની ચુકવણી પેટે ખુમાપુર ગ્રામ પંચાયત તરફથી તા.૦૩/૦૭/૨૦૦૨ ના રોજ રૂા.૪૯૩૦૫/– ની ચુકવણી ચેક નં.૫૩૯૪૧,ધી.સા.કાં.બેંકનો મળ્યા બદલની સરપંચશ્રી ખુમાપુરને આપેલ પાવતી છે જે અસલ પાવતી ઉપર રેવન્યુ સ્ટેમ્પ ઉપર નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસના પ્રોપરાઈટરશ્રીએ સહી કરેલ છે.આ પાવતીમાં ચેક સરપંચશ્રીની રૂબરૂમાં આપવામાં આવેલો તે બદલ ખુમાપુર ગામના સરપંચશ્રીએ સિકકો મારી સહી કરેલી જે સહી બદીબેન સોમાભાઈ ભગોરાએ કરેલી.આ અસલ પાવતી પણ મેં રેકર્ડમાંથી મેળવી પોલીસમાં રજુ કરેલી તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ જે આંક–૨૧૧ થી રજુ રાખવામાં આવેલ છે.નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસનાએ જે કોટેશન આપેલ તે અસલ કોટેશન તા.૦૭/૦૫/૨૦૦૨ ના રોજનુ છે જે કોટેશન સરપંચશ્રી ખુમાપુર ગામને આપેલુ.મોટર ૭.૫ એચ.પી.કિં.રૂા.૨૯,૯૦૦/–, કમ્લેટ પેનલ બોર્ડની કિં.રૂા.૭૮૫૦/–,કેબલ વાયરની કિં.રૂા.૭૭૫૦/– બતાવી કોટેશન આપેલ છે તેમાં નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસના પ્રોપરાઈટરની તથા ખુમાપુર ગ્રામપંચાયતના સરપંચશ્રી બદીબેન સોમાભાઈ ભગોરાની પણ સહી છે.આ અસલ કોટેશન પણ મેં રેકર્ડમાંથી મેળવી પોલીસમાં રજુ કરેલ તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ જે આંક–૨૧૨ થી રજુ

રાખવામાં આવેલ છે.કોટેશન મેળવવાના નીયમ મુજબ ત્રણ કોટેશન મેળવવાના હોય છે તેના ભાગરુપે વલ્કેશ ઈલેકટ્રોનીકમાંથી શ્રી ગ્રામ પંચાયત ખુમાપુર ગામના નમુનાનુ તા.૦૭/૦૫/૨૦૦૨ ના રોજનુ કોટેશન મેળવવામાં આવેલુ આ કોટેશનમાં વિગતના કોલમમાં ઈલેકટ્રીક સબમર્સીબલ મોટર તેની કિં.રૂા.૨૯,૩૦૦/–પેનલ બોર્ડની કિં.રૂા.૮,૧૫૦/–,કેબલ વાયર ૧૦૦ મીટરની કાર્યક્ષમતા ૨.૫ ની કિ.રૂા.૭,૦૫૦/–,બોર્ડ ટેસ્ટીંગની કિ.રૂા. ૮,૧૦૦/–આમકુલ કિં.રૂા.૫૨,૬૦૦/–દર્શાવેલ છે અને તેમાં પ્રોપરાઈટરશ્રી વલ્કેશ ઈલેકટ્રોનીકની સહી છે અને તે કોટેશન ઉપર ખુમાપુર ગ્રામ પંચાયતના સરપંચશ્રી બદીબેન સોમાભાઈ ભગોરાની પણ સહી છે.આ કોટેશન ઉપર સરપંચશ્રીએ નોંધ મારેલ છે કે વધારે ભાવ હોવાથી ખરીદી કરવી નહી અને તેની નીચે સરપંચશ્રી ખુમાપુરના બદીબેન સોમાભાઈ ભગોરાની સહી છે.આ અસલ કોટેશન પણ મેં રેકર્ડમાંથી મેળવી પોલીસમાં રજુ કરેલ તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ જે આંક–૨૧૩ થી રજુ રાખવામાં આવેલ છે.કોટેશન મેળવવાના નીયમ મુજબ ત્રણ કોટેશન મેળવવાના હોય છે તેના ભાગરુપે શિવ ઈલેકટ્રોનીકમાંથી શ્રી ગ્રામ પંચાયત ખુમાપુર ગામના નામનુ તા.૦૬/૦૫/૨૦૦૨ ના રોજનુ કોટેશન મેળવવામાં આવેલુ આ કોટેશનમાં વિગતના કોલમમાં સબમર્સીબલ પંપ મોટર ૭.૫ એચ.પી.તેની કિં.રૂા ૨૯,૨૦૦/–,થ્રીફેઈઝ કમ્લીટ બોર્ડની કિં.રૂા.૮,૧૦૦/–,કેબલ વાયર ૧૦૦ મીટરની કાર્યક્ષમતા ૨.૫ ની કિ.રૂા.૭,૦૦૦/–,બોર ટેસ્ટીંગની કિ.રૂા.૮,૦૫૦/–આમ કુલ કિં.રૂા.૫૨,૩૫૦/–દર્શાવેલ છે અને તેમાં પ્રોપરાઈટરશ્રી શિવ ઈલેકટ્રોનીકની સહી છે અને તે કોટેશન ઉપર ખુમાપુર ગ્રામપંચાયતના સરપંચશ્રી બદીબેન સોમાભાઈ ભગોરાની પણ સહી છે.આ કોટેશન ઉપર સરપંચશ્રીએ નોંધ મારેલ છે કે વધારે ભાવ હોવાથી ખરીદી કરવી નહી અને તેની નીચે સરપંચશ્રી ખુમાપુરના બદીબેન સોમાભાઈ ભગોરાની

સહી છે.આ અસલ કોટેશન પણ મેં રેકર્ડમાંથી મેળવી પોલીસમાં રજુ કરેલ તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ જે આંક–૨૧૪ થી રજુ રાખવામાં આવેલ છે.કોટેશન મેળવવાના નીચમ મુજબ ત્રણ કોટેશન મેળવવાના હોય છે તેના ભાગરુપે રાકેશ ઈલેકટ્રીક સ્ટોરમાંથી શ્રી ગ્રામ પંચાયત ખુમાપુર ગામના નામનુ તા.૦૫/૦૫/૨૦૦૨ ના રોજનુ કોટેશન મેળવવામાં આવેલુ આ કોટેશનમાં વિગતના કોલમમાં ઈલેકટ્રીક મોટર ૭.૫ એચ.પી.તેની કિં.રૂા ૨૯,૨૫૦/–, થ્રી ફેઈઝ કંપની બોર્ડની કિં.રૂા.૮,૨૦૦/–,કેબલ વાયર ૧૦૦ મીટરની કાર્યક્ષમતા ૨.૫ ની કિ.રૂા.૭,૧૫૦/–,બોર ટેસ્ટીંગની કિ.રૂા.૮,૨૦૦/– આમ કુલ કિં.રૂા.૫૨,૮૦૦/– દર્શાવેલ છે અને તેમાં પ્રોપરાઈટરશ્રી રાકેશ ઈલેકટ્રીક સ્ટોરની સહી છે અને તે કોટેશન ઉપર ખુમાપુર ગ્રામપંચાયતના સરપંચશ્રી બદીબેન સોમાભાઈ ભગોરાની પણ સહી છે.આ કોટેશન ઉપર સરપંચશ્રીએ નોંધ મારેલ છે કે વધારે ભાવ હોવાથી ખરીદી કરવી નહી અને તેની નીચે સરપંચશ્રી ખુમાપુરના બદીબેન સોમાભાઈ ભગોરાની સહી છે.આ અસલ કોટેશન પણ મેં રેકર્ડમાંથી મેળવી પોલીસમાં રજુ કરેલ તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ જે આંક–૨૧૫ થી રજુ રાખવામાં આવેલ છે.પો.સ.ઈ.શ્રી ભિલોડાનાઓએ એક કવર રજુ કરેલ છે જે કોર્ટ રૂબરૂ ખોલતાં તેમાંથી ધી.સા.કાં.ડી.સે.કો.ઓ.બેંકની ચેકબુક છે.બનાવને ઘણો સમય થયેલ હોય આ ચેકબુક મારી હાજરીમાં કબજે લીધેલ હોય તેવુ હાલ મને યાદ નથી.મને અસલ મેજરમેન્ટ બુક નં.૨૩૯૫ બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છુ કે આ મેજરમેન્ટ બુક મેં તાલુકા પંચાયતમાંથી મેળવીને પોલીસમાં રજુ કરેલી.આ મેજરમેન્ટ બુક નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી આર.એન્ડ બી સબ ડીવીઝન ભિલોડાએ તા.૨૪/૦૮/૧૯૯૮ ના રોજ ઈસ્યુ કરેલ છે તે છે અને તેમાં તેમના સહી અને સિકકા છે જેના પાના નં.૬૧ ઉપર અંગ્રેજીમાં લખાણ થયેલ છે તેમાં મેજરમેન્ટ બુક રેકર્ડ કરનાર તાલુકા પંચાયતના સુપરવાઈઝરશ્રી

વિજય બી.પેઢાકરની સહી કરેલ છે જેમાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી આર.એન્ડ બી. સબ ડીવીઝન ભિલોડાના સહી અને સિકકા છે જેમાં લાલ અક્ષરથી ત્રણ નોંધ થયેલ છે જે અનુક્રમે રૂા.૨૭,૮૯૭/–,રૂા.૬૩૪/– અને ત્રીજી નોંધ રૂા.૧,૪૬૯/– એમ કુલ રૂા.૩૦,૦૦૦/–બતાવેલ છે.આ એમ.બી.ના પાના નં.૬૧ ઉપર તાલુકા વિકાસ અધિકારી ભિલોડાની પણ સહી અને સિકકો છે આ એમ.બી.બુક નિભાવવાની પધ્ધતિ એવી છે કે તાલુકા પંચાયતના સુપરવાઈઝરશ્રીએ આ એમ.બી. બુક નિભાવવાની હોય છે તેમાં ક્રોસ વેરીફિકેશન નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ભિલોડાનાઓએ સહી કરવાની હોય છે અને તેના આધારે તાલુકા વિકાસ અધિકારીશ્રીએ બીલ પાસ કરવા માટે સહી કરવાની હોય છે અને આ પાના ઉપર ત્રણેય અધિકારીઓની સહી છે.આ અસલ એમ.બી.બુક મેં તાલુકા પંચાયતમાંથી મેળવીને પોલીસમાં રજુ કરેલી તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ.આ એમ.બી.બુકના પાના નં.૬૧ ને આંક–૨૧૬ થી રજુ રાખવામાં આવેલ છે.મને અસલ મેજરમેન્ટ બુક નં.૩૫૭૩ બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છુ કે આ મેજરમેન્ટ બુક મેં તાલુકા પંચાયતમાંથી મેળવીને પોલીસમાં રજુ કરેલી.આ મેજરમેન્ટ બુક નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી આર.એન્ડ બી.સબ ડીવીઝન ભિલોડાએ તા.૧૧/૦૩/૨૦૦૩ના રોજ ઈસ્યુ કરેલ છે તે છે અને તેમાં તેમના સહી અને સિકકા છે જેના પાના નં.૪૩ ઉપર અંગ્રેજીમાં લખાણ થયેલ છે.આ પાના ઉપર ખારી ગામે હેન્ડપંપની કામગીરી થયેલી તે દર્શાવેલ છે જેમાં કામગીરી કર્યા અંગેની બીલ લાલ અક્ષરથી રૂા.૨૭,૮૯૭/–, રૂા.૬૩૪/– અને ત્રીજી નોંધ રૂા.૧,૪૬૯/– એમ કુલ રૂા.૩૦,૦૦૦/– બતાવેલ છે તેમાં મેજરમેન્ટ બુક રેકર્ડ કરનાર તાલુકા પંચાયતના સુપરવાઈઝરશ્રી વિજય બી.પેઢાકરની સહી કરેલ છે જેમાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી આર.એન્ડ બી.સબ ડીવીઝન ભિલોડાના સહી

અને સિક્કા છે જેમાં આ એમ.બી.ના પાના નં.૪૩ ઉપર તાલુકા વિકાસ અધિકારી ભિલોડાની પણ સહી અને સિક્કો છે આ એમ.બી.બુક નિભાવવાની પધ્ધતિ એવી છે કે તાલુકા પંચાયતના સુપરવાઈઝરશ્રીએ આ એમ.બી.બુક નિભાવવાની હોય છે તેમાં ક્રોસ વેરીફિકેશન નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ભિલોડાનાઓએ સહી કરવાની હોય છે અને તેના આધારે તાલુકા વિકાસ અધિકારીશ્રીએ બીલ પાસ કરવા માટે સહી કરવાની હોય છે અને આ પાના ઉપર ત્રણેય અધિકારીઓની સહી છે.આ સિવાય આ પાના ઉપર નાયબ હિસાબનીશ તાલુકા પંચાયત ભિલોડાનો પણ સહી અને સિક્કો છે.ગોકુળ ગ્રામ વિકાસ મંડળ,મુકામ હડીયોલ,તા.હિંમતનગર, જી.સાબરકાંઠાના મંત્રી ઈન્દુ ડી.પટેલની સહી તથા સિક્કો છે.આ અસલ એમ.બી.બુક મે તાલુકા પંચાયતમાંથી મેળવીને પોલીસમાં રજુ કરેલી તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ.આ એમ.બી.બુકના પાના નં.૪૩ ને આંક–૨૧૭ થી રજુ રાખવામાં આવેલ છે.મને ખુમાપુર ગામનુ અસલ રજીસ્ટર બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છુ કે આ ખુમાપુર ગ્રામ પંચાયતની સ્થાવર મીલકત દર્શાવતુ રજીસ્ટર છે તેમાં પાન નં.૧ થી ૫ સુધી નોંધ થયેલ છે અને આ તમામ નોંધ ગુજરાતી ભાષામાં થયેલ છે.આ રજીસ્ટરના પાન નં.૫ ઉપર વર્ષ–૨૦૦૧ /૦૨ ના વર્ષમાં ખુમાપુર ગામે સબમર્સીબલ પંપના માલનુ બીલ અને માલ સામાન કોલમ નં.૩ માં નોંધ કરવામાં આવેલ છે તે પાનાના કોલમ નં.૪ માં સંસદ સભ્યના ફંડમાંથી સદર સબમર્સીબલ પંપ ખરીદેલ છે.આ પાનાના કોલમ નં.૬ માં રૂા.૪૯,૩૦૫/–ની કિંમત બતાવેલ છે.કોલમ નં.૭ માં વાઉચર નંબર ૧૮,તા.૦૩/૦૭/૦૨ લખેલ છે અને કોલમ નં.૮ માં ખુમાપુર ગ્રામ પંચાયતના સરપંચની સહી તથા સિક્કો કરવામાં આવેલ છે જે રજીસ્ટરના પાન નં.૫ ને આંક–૨૧૮ થી રજુ રાખવામાં આવેલ છે.મને અસલ રોજમેળ બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છુ કે ખુમાપુર

ગ્રામ પંચાયત નમુના નં.૫ મુજબ સને–૨૦૦૨ થી ૨૦૦૩ સુધીનો રોજમેળ છે જે કુલ ૯૮ પાનાનુ છે જેમાં પાન નં.૧ થી ૫૯ સુધી રોજમેળ નિભાવેલ છે જેના પાન નં.૧૭ ઉપર તા.૦૩/૦૭/૨૦૦૨ ના રોજની નોંધ છે જેમાં વાઉચર નં.૧૮,ચેક નં.૫૩૯૪૧ ની રકમ રૂા.૪૯,૩૦૫/– પુરાનો ચેક નેહા ઈલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વીસને ચુકવવામાં આવેલાની નોંધ છે જેમાં ગ્રામપંચાયત ખુમાપુરના સરપંચ તથા તલાટી કમ મંત્રીનો સિકકો મારી સરપંચશ્રી બદીબેન સોમાભાઈ ભગોરા તથા તલાટીશ્રી એ.જી.પરમાર નાઓએ સહી કરેલ છે જે પાન નં.૧૭ ને આંક–૨૧૯ થી રજુ રાખવામાં આવેલ છે.ખુમાપુર ગામમાં સબમર્સીબલ પંપ લગાવવા બાબતનું એસ્ટીમેન્ટ તાલુકા પંચાયતના સુપરવાઈઝર શ્રી વી.બી.પેઢાકર તથા માર્ગ અને મકાન સબ ડીવીઝનના સુપરવાઈઝર એન.કે.પટેલે તૈયાર કરેલ અને આ એસ્ટિમેન્ટ કુલ રૂા.૫૧,૯૦૦/– નું તૈયાર કરેલ જે અસલ એસ્ટીમેન્ટ મને બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છું કે,આ એસ્ટીમેન્ટ મેં પોલીસને આપેલ તેમાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાનનાઓની સહી છે જે અસલ આંક–૨૨૦ થી રજુ રાખવામાં આવેલ છે.મને આયોજન મંડળ,સાબરકાંઠા હિંમતનગર નાઓએ સંસદ સભ્યની ગ્રાન્ટ ફાળવવાની મંજુરી આપેલી તે પત્ર બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છું કે,તે તા.૧૮/૦૪/૨૦૦૨ના રોજનુ છે અને તેમાં સંસદ સભ્યશ્રીને ગ્રાન્ટમાંથી ખુમાપુર ગામમાં સબમર્સીબલ પંપની કામગીરી માટે રકમ રૂ.૫૧,૯૦૦/–ફાળવવા ભલામણ કરેલી તેમાં જીલ્લા આયોજન અધિકારી અનિલભાઈ રાવની સહી છે.આ પત્ર મેં પોલીસને આપેલ તે જ છે જે ઓળખી બતાવુ છું જેને ટેન્ટેટીવ આંક–૨૨૧ આપવામાં આવેલ છે.મને વર્ક ઓર્ડરની સ્થળપ્રત કોપી બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છુ કે,તે તા.૨૯/૦૪/૨૦૦૨ના રોજ તાલુકા વિકાસ અધિકારીશ્રી,ભિલોડાનાઓએ ગ્રામ પંચાયત ખુમાપુરને સબમર્સીબલ પંપ

નાખવાની કામગીરી માટે રૂા.૫૧,૯૦૦/–નો વર્ક ઓર્ડર કરેલ તે છે જેમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી,ભિલોડાનાઓએ તથા ખુમાપુર ગામના સરપંચની સહી છે જે મે પોલીસને આપેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છું આંક–૨૨૨ થી રજુ રાખવામાં આવેલ છે.તાલુકા વિકાસ અધિકારીનો વર્ક ઓર્ડર મળ્યા બાદ જે તે ગ્રામ પંચાયતના સરપંચ તથા તલાટી કમ મંત્રીશ્રી બંને પોતાની સંયુકત સહીથી આ બાબતનો એજંડા બહાર પાડે છે અને પંચાયતના કમીટીના સભ્યોની બેઠક બોલાવી તે બેઠકમાં આ એજન્ડા બાબતે ચર્ચા કરી કામગીરી કરવા માટે તૈયાર હોય તો આ એજન્ડા મંજુર કરી ઠરાવ કરવામાં આવે છે અને તેમાં પંચાયતના તમામ કમીટી સભ્યોની સહી લેવામાં આવે છે.હાલના કામે તાલુકા વિકાસ અધિકારીશ્રીનો વર્ક ઓર્ડર મળતા ખુમાપુર ગ્રામ પંચાયતના સભ્યોએ સબમર્સીબલ પંપ બનાવવાની કામગીરીનો ઠરાવ નં .૦૩/૦૩ થી તા.૨૯/૦૪/૨૦૦૨ના રોજ કરેલો જે ઠરાવની નકલ ઉપર તલાટીશ્રી એ.જી.પરમારની સહી અને સિકકો છે જે મે પોલીસને રજુ કરેલ તે જ છે જે ઓળખી બતાવુ છુ જે આંક–૨૨૩ થી રજુ રાખવામાં આવેલ છે.ગ્રામ પંચાયત કામગીરી કરવા માટે ઠરાવ કરીને તાલુકા વિકાસ અધિકારીને મોકલી આપે ત્યારબાદ તાલુકા વિકાસ અધિકારી રૂ.૨૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર જે તે ગ્રામપંચાયત પાસેથી સંમતિ પત્રક તથા કામની શરતોનું પાલન કરવાની બાંહેધરી લેતા હોય છે.ખુમાપુર ગામની સબમર્સીબલ પંપ લગાવવાની કામગીરી કરવા માટેનો પંચાયતે ઠરાવ તાલુકા વિકાસ અધિકારીને મોકલી આપેલ તે અનુસંધાને તાલુકા વિકાસ અધિકારીએ તા.૨૯/૦૪/૨૦૦૨ના રોજ સરપંચશ્રી ખુમાપુર પાસે રૂ.૨૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિ પત્રક તથા કામની શરતોનુ પાલન કરવાની બાંહેધરી લીધેલી જે અસલ સ્ટેમ્પ પેપર મને બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છુ કે, તેમાં સરપંચશ્રી ખુમાપુરના બદીબેન સોમાભાઈ ભગોરાની સહી છે અને તેમાં રૂબરૂ તરીકે તાલુકા વિકાસ

અધિકારીની પણ સહી છે આ તેજ બાહેંધરી પત્રક છે જે પોલીસને રજુ કરેલુ જે હું ઓળખી બતાવુ છુ જે આંક–૨૨૪ થી રજુ રાખવામાં આવેલ છે.તાલુકા વિકાસ અધિકારીશ્રીએ મંજુર કરેલ કામ પૂર્ણ થાય તેનુ બીલ જે તે ગ્રામ પંચાયત હસ્તકની કામગીરીનું સ્થળ ઉપર જઈ તપાસણી કરી સરકારશ્રીએ નિયત કરેલ પી.એ.ફોર્મ નં.૨૧ તાલુકા પંચાયતના સુપર વાઈઝરશ્રીએ ભરવાનુ હોય છે અને તેમાં કામની નોંધ કરી તેમની સહી કરવાની હોય છે. મને પી.એ.ફોર્મ નં.૨૧ બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છું કે આ સ્થળપ્રત કોપી છે જેમાં ખુમાપુર ગ્રામ પંચાયતમાં થયેલ સબમર્સીબલ પંપની કામગીરી દર્શાવી તેનું બીલ રૂ.૫૧,૯૦૦/–આકારેલ છે તેમાં તાલુકા પંચાયતના સુપરવાઈઝર વી.બી.પેઢાકરની સહી છે અને માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગના ના.કાર્યપાલક ઈજનેરશ્રી એ.કે.શાહની સહી છે જે મેં પોલીસને રજુ કરેલ તે જ છે જે ઓળખી બતાવુ છું જે આંક–૨૨૫ થી રજુ રાખવામાં આવેલ છે.મોહનપુર ગામમાં હેન્ડપંપ લગાવવા બાબતનું એસ્ટીમેન્ટ તાલુકા પંચાયતના સુપરવાઈઝરશ્રી વી.બી.પેઢાકર તથા માર્ગ અને મકાન સબડીવીઝનના સુપરવાઈઝર એન.કે.પટેલે તૈયાર કરેલ અને આ એસ્ટિમેન્ટ કુલ રૂ.૩૦,૦૦૦/–નું તૈયાર કરેલ જે અસલ એસ્ટીમેન્ટ મને બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છું કે,આ એસ્ટીમેન્ટ મેં પોલીસને આપેલ તેમાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાનનાઓની સહી છે જે અસલ આંક–૨૨૬ થી રજુ રાખવામાં આવેલ છે.મને વર્ક ઓર્ડરની કોપી બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છુ કે,તે તા.૦૮/૦૨/૨૦૦૨ના રોજ તાલુકા વિકાસ અધિકારીશ્રી,ભિલોડાનાઓએ ગ્રામ પંચાયત મોહનપુર હેન્ડ પંપ નાખવાની કામગીરી માટે રૂ.૩૦,૦૦૦/–નો વર્ક ઓર્ડર કરેલ તે છે જેમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી,ભિલોડાનાઓની સહી છે જે મે પોલીસને આપેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છું જે આંક–૨૨૭ થી રજુ રાખવામાં આવેલ

છે.મોહનપુરાની કામગીરી માટે ગોકુળ ગ્રામ વિકાસ મંડળ,હડીયોલને કામગીરી સોંપેલી જે અનુસંધાને તાલુકા વિકાસ અધિકારીએ તા.૦૨/૦૨/૦૨ ના રોજ ગોકુળ ગ્રામ વિકાસ મંડળ પાસે રૂ.૫૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિ પત્રક તથા કામની શરતોનુ પાલન કરવાની બાંહેધરી લીધેલી જે અસલ સ્ટેમ્પ પેપર મને બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છુ કે,તેમાં ગોકુળ ગ્રામ વિકાસ મંડળના મંત્રીની સહી તથા સિકકો છે અને તેમાં રૂબરૂ તરીકે તાલુકા વિકાસ અધિકારીની પણ સહી છે આ તે જ બાંહેધરી પત્રક છે જે પોલીસને રજુ કરેલુ જે હું ઓળખી બતાવુ છુ જે આંક–૨૨૮ થી રજુ રાખવામાં આવેલ છે. મને પી.એ.ફોર્મ નં.૨૧ બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છું કે આ સ્થળપ્રત કોપી છે જેમાં મોહનપુર ગ્રામ પંચાયતમાં થયેલ હેન્ડ પંપની કામગીરી દર્શાવી તેનું બીલ રૂ.૩૦,૦૦૦/–આકારેલ છે તેમાં તાલુકા પંચાયતના સુપરવાઈઝર વી.બી.પેઢાકરની સહી છે અને માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગના ના.કાર્યપાલક ઈજનેરશ્રી એ.કે.શાહની સહી છે જે મેં પોલીસને રજુ કરેલ તે જ છે જે ઓળખી બતાવુ છું જે આંક–૨૨૯થી રજુ રાખવામાં આવેલ છે.ખારી ગામમાં હેન્ડપંપ લગાવવા બાબતનું એસ્ટીમેન્ટ તાલુકા પંચાયતના સુપરવાઈઝરશ્રી વી.બી.પેઢાકર તથા માર્ગ અને મકાન સબડીવીઝનના સુપરવાઈઝર એ.આર.નાયકે તૈયાર કરેલ અને આ એસ્ટિમેન્ટ કુલ રૂ.૩૦,૦૦૦/–નું તૈયાર કરેલ જે અસલ એસ્ટીમેન્ટ મને બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છું કે,આ એસ્ટીમેન્ટ મેં પોલીસને આપેલ તેમાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન એ.કે.શાહનાઓની સહી છે જે અસલ આંક–૨૩૦ થી રજુ રાખવામાં આવેલ છે.મને વર્ક ઓર્ડરની સ્થળપ્રત કોપી બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છુ કે,તે તા.૧૧/૦૨/૨૦૦૨ના રોજ તાલુકા વિકાસ અધિકારીશ્રી,ભિલોડાનાઓએ ગ્રામ પંચાયત ખારી હેન્ડ પંપ નાખવાની કામગીરી માટેનો વર્ક ઓર્ડર કરેલ તે છે જેમાં તાલુકા વિકાસ

અધિકારીશ્રી,ભિલોડાનાઓની સહી છે જે મે પોલીસને આપેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છું જે આંક–૨૩૧ થી રજુ રાખવામાં આવેલ છે.ખારીની કામગીરી માટે ગોકુળ ગ્રામ વિકાસ મંડળ,હડીયોલને કામગીરી સોંપેલી જે અનુસંધાને તાલુકા વિકાસ અધિકારીએ તા.૦૨/૦૨/૨૦૦૨ના રોજ ગોકુળ ગ્રામ વિકાસ મંડળ પાસે રૂ.૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિપત્રક તથા કામની શરતોનુ પાલન કરવાની બાંહેધરી લીધેલી જે અસલ સ્ટેમ્પ પેપર મને બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છુ કે,તેમાં ગોકુળ ગ્રામ વિકાસ મંડળ ના મંત્રીની સહી તથા સિકકો છે અને તેમાં રૂબરૂ તરીકે તાલુકા વિકાસ અધિકારીની પણ સહી છે આ તે જ બાંહેધરી પત્રક છે જે પોલીસને રજુ કરેલુ જે હું ઓળખી બતાવુ છુ જે આંક–૨૩૨થી રજુ રાખવામાં આવેલ છે. મને પી.એ.ફોર્મ નં.૨૧ બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છું કે આ સ્થળપ્રત કોપી છે જેમાં ખારી ગ્રામ પંચાયતમાં થયેલ હેન્ડ પંપની કામગીરી દર્શાવી તેનું બીલ રૂ.૩૦,૦૦૦/– આકારેલ છે તેમાં તાલુકા પંચાયતના સુપરવાઈઝર વી.બી.પેઢાકરની સહી છે અને માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગના ના.કાર્યપાલક ઈજનેરશ્રી એ.કે.શાહની સહી છે જે મેં પોલીસને રજુ કરેલ તે જ છે જે ઓળખી બતાવુ છું જે આંક–૨૩૩ થી રજુ રાખવામાં આવેલ છે. મને કામની વર્ગીકરણ બાબતનું પત્રક બતાવવામાં આવે છે જેમાં ના. કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાનની સહી છે અને તે ખારી ગામનુ છે જે મેં પોલીસમાં રજુ કરેલ તે જ છે જે ઓળખી બતાવુ છું જે આંક–૨૩૪ થી રજુ રાખવામાં આવેલ છે.મને કંમ્પ્લીશન સર્ટીફિકેટ બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છું કે,તે ખારી ગામે હેન્ડપંપની કામગીરી પૂર્ણ થયા બદલ ના.કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન,ભિલોડાનાઓએ આપેલ સર્ટીફિકેટ છે તેમાં તેમની સહી છે જે મેં પોલીસમાં રજુ કરેલ તે જ છે જે ઓળખી બતાવુ છું જે આંક–૨૩૫ થી રજુ રાખવામાં આવેલ છે.મારી અગાઉની સરતપાસ

દરમીયાન મને ફરીયાદ કરવા માટે જે પત્ર લખવામાં આવેલ તે જે તે વખતે ઝેરોક્ષ હોય તેને ટેન્ટેટીવ આંક:૧૯૩ આપવામાં આવેલ તેની અસલ અને પાકો આંક–૨૩૬ થી રજુ રાખવામાં આવેલ છે.ઉપરોકત કામગીરી દરમીયાન નાંણાની ગેરરીતી ઉપરોકત કર્મચારીઓએ કરેલી જેથી મને તાલુકા વિકાસ અધિકારી ભિલોડાનાઓએ ફરીયાદ કરવા જણાવેલ જેથી મેં ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી.હું આરોપીઓને ઓળખુ છું તેઓ આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે.''

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એવુ જણાવે છે કે,''એ વાત ખરી છે કે,મેં હાલની ફરીયાદ આપી તે પહેલા મેં કોઈ રેકર્ડ તપાસેલ નથી કે,સ્થળ ઉપર જઈ કામની ચકાસણી કરેલ નથી.એ વાત ખરી છે કે,કલેકટર કચેરીમાંથી મને આદેશ થયા મુજબ ડ્રાફટ કરેલ તૈયાર ફરીયાદ મેં આપેલી. એ વાત ખરી છે કે,ખુમાપુર ગામના લોકોએ જે લોકફાળો ઉઘરાવેલો તેની કોઈ રેકર્ડે નોંધ નથી,સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે,આ લોકફાળો ગામના સારા વ્યકિતઓએ ઉઘરાવેલો.એ વાત ખરી નથી કે,ટેન્ડર બહાર પાડવાની કામગીરી તાલુકા વિકાસ અધિકારીએ કરવાની હોય છે.એ વાત ખરી છે કે, તાલુકા વિકાસ અધિકારી વર્ક ઓર્ડર મુજબ જે તે પંચાયતને વસ્તુ ખરીદવા માટે પરવાનગી આપે છે.એ વાત ખરી નથી કે,તાલુકા વિકાસ અધિકારી જે વર્ક ઓર્ડર આપે તે પૂર્ણ કરવાની જવાબદારી સરપંચ તથા કારોબારી સભ્યોની હોય છે.એ વાત ખરી નથી કે,જે વસ્તુ સ્ટોકમાં હોય તેની નોંધ એમ.બી.બુકમાં કરવામાં આવે છે.એ વાત ખરી નથી કે,જે વસ્તુ સ્થળ ઉપર હોય તેની નોંધ એમ.બી.માં કરવાની હોય છે.મેં પંચાયતમાં ૩૩ થી ૩૪ વર્ષ ફરજ બજાવેલ છે.મેજરમેન્ટ બુકમાં જે કામગીરી થઈ હોય તેની નોંધ કરવામાં આવે છે.એ વાત ખરી છે કે,કલેકટરશ્રીએ મને આ કામ બાબતે તપાસ સોંપેલ નહીં.એ વાત ખરી નથી કે,એમ.બી.માં ટેન્ડરીંગ,કોટેશન,બીલ કે કોના ભંડોળમાંથી કામ થયેલ

છે તેની નોંધ કરવાની હોતી નથી.એ વાત ખરી છે કે,વર્ક ઓર્ડર સરપંચના નામનો હોય છે તલાટીના નામનો હોતો નથી.એ વાત ખરી નથી કે,વર્ક ઓર્ડર મળે એટલે સરપંચ જે–તે વસ્તુ ખરીદી શકે.એ વાત ખરી છે કે, તા.૧૮/૦૪/૨૦૦૨ના રોજ તાલુકા વિકાસ અધિકારીશ્રીએ ખુમાપુર ગામના સરપંચશ્રીને સબમર્સીબલ પંપનો વર્ક ઓર્ડર આપેલો.એ વાત ખરી નથી કે,મે મારી ફરીયાદમાં ડેડસ્ટોક રજીસ્ટરની જે તારીખ બતાવેલ છે તે ખોટી બતાવેલ છે.એ વાત ખરી નથી કે,સબમર્સીબલ પંપની એમ.બી.બનેલ નથી.એ વાતની મને ખબર નથી કે તલાટી એ.જી.પરમાર મઉ ગામના રેગ્યુલર તલાટી હતા અને તેમને ખુમાપુર ગામના તલાટી તરીકેનો ચાર્જ સોપવામાં આવેલો.એ વાતની મને ખબર નથી કે કોઈ વ્યકિતને ચેકથી ચુકવણું કરવાનુ હોય તો તે ચેકમાં સહી કરવાની સત્તા તલાટીની હોતી નથી.એ વાતની મને ખબર નથી કે નેહા ઈલેકટ્રોનીકસને જે ચેક આપેલ તે ચેકમાં તલાટી એ.જી.પરમારની સહી ન હતી.એ વાત ખરી છે કે ગ્રામપંચાયતની કારોબારી સભા જે ઠરાવ પાસ કરે તે ઠરાવની નોંધ ઠરાવ બુકમાં કરવાની તેટલી જ તેમની જવાબદારી હોય છે.એ વાત ખરી છે કે પંચાયતમાં પંચાયતના બે સભ્યોની સહીથી નાણાંકીય લેવડદેવડ થતી હોય છે.એ વાત ખરી છે કે કોઈપણ કામગીરી બાબતે નાણા ચુકવવાના થાય તો તાલુકા વિકાસ અધિકારી જે તે પંચાયતના નામનો ચેક બનાવી મોકલે છે અને તે ચેકના નાણા જે તે પંચાયતના ખાતામાં જમા થાય છે અને પંચાયત ચેક ક્રોસ કરીને જે તે પેઢીને કામગીરીની કે ખરીદીની ચુકવણી પેટે ચેક આપે છે.એ વાત ખરી છે કે દરેક પંચાયતમાં વસ્તુની ખરીદી પ્રથમ કરવામાં આવે પંચાયતે ખરીદી કર્યા બાદ અધિક મદદનીશ ઈજનેરશ્રીનુ ઘ્યાન માપ દોરવા માટે તથા એમ.બી. માં નોંધવા માટે જાણ કરવામાં આવે છે.એ વાત ખરી છે કે એમ.બી.માં આ માપ નોંધાયા બાદ બીલ નાયબ કાર્યપાલકશ્રીની કચેરીમાં મંજુરી માટે મોકલવામાં

આવે છે.એ વાત ખરી છે કે આ બીલ નાયબ કાર્યપાલકશ્રીની કચેરીમાંથી મંજુર થયા બાદ તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરીમાં આ બીલની ચુકવણી માટે મોકલવામાં આવે છે.એ વાત ખરી છે કે તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરીની હિસાબી શાખામાં આ બીલ મંજુર થવા માટે મોકલવામાં આવે છે અને તે બીલ મંજુર થતાં હિસાબી શાખા ધ્વારા જે તે પંચાયતના નામનો બીલના નાણા મુજબનો ક્રોસ ચેક બનાવવામાં આવે છે.એ વાત ખરી છે કે આ ચેકના નાણા ગ્રામપંચાયતના ખાતામાં જમા થયા બાદ પંચાયત જે તે પેઢીના નામનો ક્રોસ ચેક જે તે પેઢીને ચુકવણી માટે આપતા હોય છે.એ વાત ખરી છે કે જે પેઢીને આ ચેક આપવામાં આવેલ હોય તે પેઢી જે તે દિવસે વાઉચર ઉપર ચેક મળ્યાની પાવતી લખી આપતા હોય છે.એ વાત ખરી છે કે અધિક મદદનીશ ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલકશ્રીએ નાણાકીય કામગીરી કરવાની હોતી નથી.એ વાત ખરી નથી કે પંચાયતની નાણાકીય કામગીરી તલાટીશ્રીએ કરવાની હોતી નથી.એ વાત ખરી છે કે હાલનુ કામ કરવા માટે તા.૧૮/૪/૨૦૦૨ ના રોજ આયોજન અધિકારી ધ્વારા વહીવટી હુકમ આપવામાં આવેલો.એ વાત ખરી છે કે આ વહીવટી હુકમ થયા બાદ તાલુકા વિકાસ અધિકારીશ્રી ધ્વારા પંચાયતને હુકમ મુજબની કામગીરી કરવા માટે પુછાણ કરવામાં આવેલુ.એ વાતની મને ખબર નથી કે તા. ૨૯/૦૪/૨૦૦૨ ના રોજ ખુમાપુર ગ્રામ પંચાયતની કારોબારી સભામાં ઠરાવ નં .૩ થી આ કામગીરી કરવા માટે ઠરાવ કરેલો. એ વાત ખરી છે કે તાલુકા વિકાસ અધિકારી ધ્વારા આયોજન અધિકારીના હુકમમાં જે કામગીરી કરવાનુ જણાવેલુ તેનો વર્ક ઓર્ડર આપવામાં આવેલો.એ વાત ખરી છે કે તાલુકા વિકાસ અધિકારીશ્રીએ તા.૦૧/૦૭/૨૦૦૨ના રોજ ખુમાપુર ગ્રામ પંચાયતને રૂા.૪૯,૩૦૦/– ચેકથી આપેલા.

સવાલ–ખુમાપુર ગ્રામ પંચાયતે નેહા ઈલેકટ્રોનીકસને તા.૦૩/૦૭/૨૦૦૨ ના રોજ ચેકથી રૂા. ૪૯,૩૦૫/– ચેક નં.૫૩૯૪૧ થી બીલ નં.૬૩ ના માલ સામાનના ચુકવેલા ?

જવાબ: રેકર્ડ મુજબ આ હકીકત બરાબર છે.

મને આંક–૨૧૦ બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છુ કે નેહા ઈલેકટ્રોનીકસને રૂા. ૪૯૩૦૫/–નુ ખુમાપુર ગ્રામપંચાયત ધ્વારા ચુકવણુ કરવામાં આવેલ તેવી તેમાં નોંધ છે.એ વાત ખરી છે કે રેકર્ડ ઉપર નાણા ટ્રાન્સફર થયેલ છે.એ વાત ખરી છે કે ખુમાપુર ગ્રાપંચાયતે વલ્કેશ ઈલેકટ્રોનીકસ,શિવ લઈલેકટ્રોનીકસ અને રાકેશ ઈલેકટ્રોનીકસના ભાવ મંગાવેલ તેના કોટેશન રજુ થયેલ છે.મને આંક–૨૧૩,૨૧૪ અને ૨૧૫ બતાવવામાં આવે છે તે કોટેશન છે જેમાં વલ્કેશ ઈલેકટ્રોનીકસે રૂા. ૫૨,૬૦૦/–,શિવ ઈલેકટ્રોનીકસે રૂા.૫૨,૩૫૦/–ભાવ આપેલ છે તથા રાકેશ ઈલેકટ્રોનીકસે રૂા.૫૨,૮૦૦/– ભાવ આપેલ છે.એ વાત ખરી છે કે,હુ વહીવટી અધીકારી છુ અને ટેકનીકલ ઓફીસર નથી.એ વાત ખરી છે કે,સીવીલ કન્સ્ટ્રકશનમાં જે માપ લેવાનુ હોય તે અલગ અલગ પધ્ધતિથી લેવાનુ હોય છે.એ વાત ખરી છે કે,અમુક કામો પુર્ણ થયા પછી જ ચકાસણી થાય છે.એ વાત ખરી છે કે,આવા કામોમાં લોખંડ,સીમેન્ટે,કેસીંગ પાઈપ અને બોરની ઉંડાઈનો સમાવેશ થાય છે.એ વાત ખરી છે કે,ઘણી જગ્યાએ બોર કરવામાં આવે અને બોરની માટી એવી હોય તો બોર પુરાઈ જાય.એ વાત ખરી છે કે,કામ પુરુ થયાનુ પ્રમાણપત્ર સેકશન ઓફીસર અને નાયબ કાર્યપાલક ઈજનેર આપે પછી જ પેમેન્ટ થાય છે.એ વાત ખરી નથી કે,આવો કોઈ બનાવ બનેલ નથી છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરવા ખોટી જુબાની આપુ છુ.એ વાત ખરી નથી કે,સરતપાસમાં જણાવેલ તમામ હકીકત ખોટી જણાવેલ છે.''

(૧૪) ફરીયાદપક્ષે પંચસાહેદ કેશુભાઈ મગનભાઈ પ્રજાપતિને આંક –૨૭૬ થી સોગંદ ઉપર તપાસતા એવો પુરાવો રજુ કરે છે કે,''મને આજરોજ તા.૨૨/૬/૨૦૦૩નુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે આ સહી મે કયારે અને કયાં કરેલી તે મને હાલમાં યાદ નથી.સાહેદ પંચનામામાં સહી ઓળખી બતાવતા હોઈ સહી પુરતો આંક–૨૭૭ આપેલ છે.પોલીસે અમારી હાજરીમાં કોઈ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી.મને આંક–૨૧૬ તથા ૨૧૭ વાળી મેજરબુક બતાવવામાં આવે છે જેમા મારી સહી છે.આ સહી શેના માટે કરેલી તે મને ખબર નથી.મને આંક–૨૧૮ ના અસલ રજીસ્ટર બતાવવામાં આવે છે જેમા છેલ્લા પેજ ઉપર મારી સહી છે.પોલીસે મારી હાજરીમાં કોઈ બીલો કે વાઉચર ફોર્મ કબજે કરેલા હોઈ તેવુ બનેલ નથી. મારી હાજરીમાં કોઈ મેજરમેન્ટ બુક રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામા આવેલ છે.જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એવુ જણાવે છે કે,''એ વાત ખરી છે કે મારે અવારનવાર તાલુકા પંચાયત જવાનું થતુ હોય છે.એ વાત ખરી છે કે જેટલી સહીઓ કરેલી છે તે તૈયાર લખેલા કાગળમાં કરેલી છે.એ વાત ખરી છે કે પોલીસે મારી હાજરીમા કોઈ વસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી છે કે પંચનામામાં સહી સીવાય બીજુ કંઈ જાણતો નથી.''

(૧૫) ફરીયાદપક્ષે ત.ક.અ. પી.એસ.આઈ. નાથાભાઈ ગોવાભાઈ રબારીને આંક–૨૮૮ થી સોગંદ ઉપર તપાસતા એવો પુરાવો રજુ કરે છે કે, ''અમો ભીલોડા પો.સ્ટે.માં પો.સ.ઈ.તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન તા.૧૬/૦૬/૨૦૦૩ ના રોજ આ કામના ફરીયાદીએ તેમની લેખિત ફરીયાદ ભીલોડા પોલીસ સ્ટેશને આપતા પો.સ્ટે.ઓફીસર ગુન્હો દાખલ કરી આગળની તપાસ સારું અમોને સોંપતા અમોએ તપાસ સંભાળેલી જે અસલ તપાસ હુકમ આજરોજ રજુ કરુ છુ જેને રજુ દા.આંક–૨૮૯ આપવામાં આવે છે.ત્યારબાદ આ

કામની ફરીયાદ વંચાણે લઈ આગળની તપાસ સંભાળેલી જે તપાસના અનુસંધાને તા.૨૨/૦૬/૨૦૦૩ ના રોજ આ ગુન્હાના કામે બે પંચો રૂબરૂ ૧૬-૩૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધી ફરીયાદીએ રજુ કરેલ અસલ દસ્તોવજો કબજે કરેલા અને વિગતવારનું પંચનામુ કરેલ જે અસલ પંચનામુ આ કામમાં આંક-૨૭૭ થી રજુ છે.આ રેકર્ડ કબજે કરેલ તેની મુદામાલ પાવતી નં. ૧૦૪/૨૦૦૩ થી તૈયાર કરેલી જે આ કામમાં આંક-૩૭,૩૮ થી રજુ છે.આ કામે અમોએ સાહેદ ભુપેન્દ્રભાઈ ભોગીલાલ શાહ,નાયબ કાર્યપાલક ઈજનેરનો જવાબ લીધેલ જે બોરની ઉંડાઈની તપાસ કરવા માટે સાથે ગયેલા જે અંગે જવાબ લીધેલો.''

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એવુ જણાવે છે કે,'' પંચનામુ તા.૨૨/૦૬/ ૨૦૦૩ ના રોજ ૧૬-૩૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધી કરેલુ.મુદામાલ લેવડદેવડમાં અડધો કલાકનો સમય લાગેલ.એ વાત ખરી નથી કે મે પંચનામામાં તારીખમાં સુધારો કરેલ છે.પંચોને બોલાવવા કોણ ગયેલુ તે મને ખબર નથી અને બોલાવવામાં કેટલો સમય ગયેલો તે પણ મને હાલ યાદ નથી.એ વાત ખરી છે કે તાલુકા પંચાયતમાં નોકરી કરતા કોઈના નીવેદન મે લીધેલા નથી.એ વાત ખરી નથી કે મે પહેલા પંચનામુ તૈયાર કરી દીધેલુ અને પાછળથી પંચોની સહીઓ કરાવેલી.એ વાત ખરી નથી કે પંચો બોલતા હોય અને મે લખેલ હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી છે કે ભુપેન્દ્રભાઈ ભોગીલાલ શાહ તપાસમાં સાથે હોઈ મે નીવેદન લીધેલ.એ વાત ખરી છે કે તે બોરની તપાસ કરવા માટે જુદી જુદી જગ્યાએ ગયેલા હોય તેવુ બનેલ નથી.''

**(૧૬)** ફરીયાદપક્ષે સાહેદ તલાટી કમ મંત્રીશ્રી બાબુભાઈ અમીચંદભાઈ પટેલને આંક-૩૦૧ થી સોગંદ ઉપર તપાસતા એવો પુરાવો રજુ કરે છે કે,બનાવના અરસામાં હુ મેડીટીંબા ગામે ત.ક.મ.તરીકે રેગ્યુલર ફરજ બજાવતો હતો અને જે તે સમયે ખુમાપુર ગામે હંગામી ધોરણે વધારાનો

ચાર્જ સોંપાયેલો અને તે વખતે ખુમાપુર ગામે રેગ્યુલર ત.ક.મ. તરીકે એ.જી.પરમાર ફરજ બજાવતા હતા તે વખતે હુ હંગામી ધોરણે ફરજ બજાવતો હતો તે વખતે ખુમાપુર ગામના કાયમી ત.ક.મ. એ.જી.પરમાર સામે શા બાબતે સરકારી ઈન્કવાયરી ઉભી થયેલ તે મને ખબર નથી. મારી સમક્ષ પોલીસે ખુમાપુર ગામના કયા દસ્તાવેજ રજુ કરાવેલા તે હુ જાણતો નથી.હવે કહુ છુ કે,એક રોજમેળ અને એક ચેકબુક પંચો રુબરુ પોલીસને આપેલ.મને તા.૦૧.૦૪.૦૨ થી તા.૩૧.૦૩.૦૩ સુધીનો રોજમેળ અસલ બતાવવામાં આવે છે જે ખુમાપુર ગ્રમ પંચાયતનો છે જે આંક–૨૧૯ થી રજુ છે.મને ખુમાપુર ગ્રમ પંચાયતની ધી.સા.કા.ડી.સે.કો.ઓ.બેંકની સરપંચશ્રીને ઉદેશીને આપેલ તા.૦૩.૦૭.૦૨થી તા.૧૨.૦૯.૦૨ સુધીની ચેક નં.૦૦૫૩૯૪૧ થી ૦૦૫૩૯૫૦ સુધીના ચેકની ચેકબુક બતાવવામાં આવે છે જે આંક–૨૦૯ થી ૨૧૫ સુધી રજુ છે.પોલીસે બનાવ બાબતે મારો જવાબ લીધેલો.પોલીસે મારી પાસેથી લીધેલ દસ્તાવેજો કઈ બાબતે લીધેલા તેની મને જે તે વખતે ખબર ન હતી તથા આજે પણ ખબર ન હતી.હુ મારી અગાઉના તલાટી એ.જી.પરમારને ઓળખુ છુ જે આજરોજ કોર્ટમાં હાજર છે.''

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એવુ જણાવે છે કે,''એ વાત ખરી છે કે,હુ નીચમીત ત.ક.મ.તરીકે મેડીટીંબા ગામે ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે,કોઈ પણ પંચાયતમાં ચાર્જની લેતી દેતી માટે તાલુકા વીકાસ અધીકારી હુકમ કરતા હોય છે.મને ખુમાપુર ગ્રમ પંચાયતનો ચાર્જ તાલુકા વીકાસ અધીકારીના હુકમથી આપવામાં આવેલ.એ વાત મને હાલ યાદ નથી કે,આ લેખીત હુકમ કઈ તારીખે કરવામાં આવેલ તથા મે કઈ તારીખથી ચાર્જ સંભાળેલો.એ વાત ખરી છે કે,કોઈ વહીવટી કામ કરવુ હોય તો લેખીત હુકમ મુજબ કરવુ પડે.એ વાત ખરી છે કે,ચાર્જ લેતા સમયે તમામ રજીસ્ટરોનો અભ્યાસ કરવાનો રહે છે.એ વાત ખરી છે કે,પંચાયતમાં ડેડ સ્ટોક,રોજમેળ,

ચેકબુક,આવક–જાવક રજીસ્ટરો રાખવામાં આવે છે.એ વાત ખરી છે કે,રોકડમેળ રજીસ્ટર કોણે લખેલુ તે હુ ચોકકસ કહી શકુ નહી.એ વાત ખરી છે કે,રોકડમેળમાં શુ લખેલ છે તેનો મે અભ્યાસ કરેલ નથી.એ વાત ખરી છે કે,મે રોકડમેળ રજીસ્ટર તથા ચેકબુક પોલીસને કઈ તારીખે આપેલ તે હુ ચોકકસ કહી શકુ નહી.એ વાતનો મને ખ્યાલ નથી કે,રોકડમેળ તથા ચેકબુક મે પોલીસને પંચો રુબરુ આપેલ નથી.એ વાત ખરી છે કે,મે ચાર્જ સંભાળ્યો ત્યારે ખુમાપુર ગામમાં વિકાસના કામો કોણે,કયારે કરેલા તેની મને ખબર નથી.એ વાત ખરી છે કે,ખુમાપુર ગામે વિકાસના કામોની મે જાત તપાસણી કરેલ નથી.એ વાત ખરી છે કે,હુ તલાટી એ.જી.પરમાર સાથે નોકરી કરતો હતો જેથી તેઓને ઓળખુ છુ.''

(૧૭) **<u>કાયદાની જોગવાઈઓ :–</u>**

આમ,આ કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવો વંચાણે લેતાં,આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ–૪૦૮,૪૦૯,૧૧૪ મુજબની જોગવાઈ અન્વયે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવાનો રહે છે.

(૧) આ કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૮ મુજબનો આક્ષેપ છે ત્યારે નીચે મુજબની હકિકત સાબીત કરવાની રહે છે.

**<u>ઈ.પી.કો.કલમ–૪૦૮ ના આવશ્યક તત્વો :–</u>**

૧) આરોપી કારકુન અથવા નોકર તરીકે નોકરી કરતો હતો,

૨) આ રીતે કારકુન અથવા નોકરના દરજ્જાથી તેમને કોઈ મિલકત અથવા મિલકત પરનો અધિકાર સોંપવામાં આવ્યો,

૩) આ રીતે સોંપવામા અવોલી મિલકત અંગે ગુનાહિત વિશ્વાસઘાત આરોપીએ કર્યો.

(૨) આ કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૯ મુજબનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબની હકિકત સાબીત કરવાની રહે છે.

<u>ઈ.પી.કો.કલમ–૪૦૯ ના આવશ્યક તત્વો :–</u>

૧) જે કોઈ વ્યકિત પોતે રાજય સેવકની હેસીયતથી અથવા પોતાના ધંધાના નાતે બેંકર, વ્યાપારી, ફેકટરી,દલાલ, એટર્ની જનરલ અથવા એજન્ટ તરીકે કાર્ય કરતા હોય,

૨) પોતાની કામગીરી દરમ્યાન કોઈ મિલકત કે મિલકત ઉપરનો કોઈ અધિકાર સોંપાયેલ હોય અને તે મિલકત અંગે ગુનાહિત વિશ્વાસઘાત કરે તો તેને આજીવન કેદની અથવા દસ વર્ષ સુધીની મુદ્દતની બે માંથી કોઈ પણ પ્રકારની કેદની સજા કરવામા આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

(૩) આ કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૧૧૪ અંગે નીચે મુજબના આક્ષેપીત તત્વો પુરવાર કરવાના રહે છે.

<u>ઈ.પી.કો.કલમ–૧૧૪ ના આવશ્યક તત્વો :–</u>

૧) મુખ્ય ગુન્હો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુન્હાની મદદગારી કરવામાં આવી હોય તે ગુન્હો બન્યો હોવો જોઈએ.

૨) તે મુખ્ય ગુન્હા માં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

૩) ગુન્હો બને ત્યારે મદદગાર ની હાજરી ત્યાં હોવી જોઈએ.

૪) અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ તથા

૫) ગુન્હો બનતાં પહેલા આ ગુન્હો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

<u>**આખરી ચર્ચા**</u> **:–**

**(૧૮)** ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવા ધ્યાને લઈએ તો, સૌપ્રથમ આંક–૧૭૪ થી તપાસેલ સાહેદ ભુપેન્દ્રભાઈ ભોગીલાલ શાહની જુબાની ધ્યાને લેતા,તેઓ સને ૨૦૦૩ ની સાલમાં ભીલોડા ખાતે જાહેર આરોગ્ય યાંત્રીક પેટા વિભાગ–પાણી પુરવઠામાં નાયબ કાર્યપાલક તરીકે ફરજ બજાવતા હતા અને તેઓની ફરજના ભાગરુપે ગામડાઓમાં હેન્ડપંપ બનાવવા,બોર બનાવવાની કામગીરી હતી અને હેન્ડપંપની ઉંડાઈનુ ચેકીંગ દોરી વડે કરતા હોવાનુ જણાવેલ છે તથા તેઓએ ખારી ગામે ટેકનીકલ તપાસણી માટે સુપરવાઈઝર મોકલેલ હશે તેવુ જણાવેલ છે તથા પોલીસ ૨૦૦૩ માં તેઓની પાસે આવેલ કે કેમ ? તેની ખબર ન હોવાનુ જણાવે છે.સદર સાહેદની આરોપીઓ તરફેની ઉલટતપાસમાં બનાવ અંગે તેઓને કોઈ જાતમાહીતી ન હોવાનુ જણાવેલ છે તથા મામલતદારે તેઓને ચેકીંગ માટે પત્ર આપેલ કે કેમ ? તેની ખબર ન હોવાનુ જણાવે છે તથા દોરી વડે બોરની ઉંડાઈ માપવાની પધ્ધતિ સાયન્ટીફીક પધ્ધતિ નથી તેવુ જણાવે છે.આમ,સદર સાહેદ પાણી પુરવઠા વિભાગમાં સને–૨૦૦૩ માં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા અને તેઓએ હાલના બનાવમાં હલકા પ્રકારના સબમર્સીબલ

પંપ,મોટર,કેપીટલ લાઈનલ બોર્ડ,કેબલ વાયર,બોર ટેસ્ટીંગ વીગેરેની ચીજવસ્તુઓ અંગે કોઈ તપાસણી કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી તથા ઉલટતપાસમાં તેઓને બનાવ અંગે કોઈ જાતમાહીતી ન હોવાનુ કબુલ કરતા હોય સદર સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળેલ નથી.

**(૧૯)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૮૦ થી પંચસાહેદ પૃથ્વીસિંહ જસવંતસિંહ ચંપાવતને તપાસેલ છે.તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામાની વિગતે તેઓની હાજરીમાં ખુમાપુર ગ્રમ પંચાયતનો રોજમેળ કબજે કરેલ તે સીવાય બીજુ કઈ કબજે કરેલ ન હોવાનુ જણાવે છે તથા આંક–૧૮૧ ના પંચનામામાં સહી ઓળખી બતાવે છે.સદર પંચસાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ છે તથા વિ.એ.પી.પી.શ્રીએ પંચસાહેદની કોર્ટની પરવાનગી બાદ ઉલટતપાસ કરતા પંચસાહેદે તેઓની હાજરીમાં કોઈ ચેકબુક તથા કાઉન્ટર ફોઈલ તથા બીજા કોઈ ચેકો કબજે કરેલ હોય તે હકીકતને સમર્થન આપેલ નથી.સદર પંચસાહેદની આરોપીઓના વકીલશ્રીએ લીધેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે,તેઓએ ફકત કાગળમાં સહી કરેલી તે સીવાય તેઓને કોઈ જાતમાહીતી નથી તથા પંચનામામાં શુ લખેલ તેની જાતમાહીતી નથી તથા તેઓને કોઈ રોજમેળ બતાવેલ નથી.આમ,પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષ પંચસાહેદ રુબરુ કબજે લીધેલ રોજમેળ કયાથી કયા વર્ષનુ હતુ તથા આ રોજમેળ કોણે લખેલ હતુ તથા રોજમેળમાં કોના હસ્તાક્ષરો હતા તથા રોજમેળમાં કોની સહીઓ હતી તે હકીકત પુરવાર કરી શકેલ નથી તથા પંચસાહેદે તેઓની હાજરીમાં પોલીસ ધ્વારા કોઈ ચેકબુક કે કાઉન્ટર ફોઈલ કબજે કરેલ હોય તેવુ જણાવતા નથી તથા પંચનામા અંગે તેઓને કોઈ જાતમાહીતી ન હોવાનુ જણાવતા હોય,સદર પંચસાહેદની જુબાનીથી ફરીયાદપક્ષ આંક–૧૮૧ થી રજુ પંચનામાની વિગત પુરવાર કરી શકેલ નથી

જેથી પંચસાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી ન હોવાનુ જણાય છે.

**(૨૦)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૮૫ થી સાહેદ પ્રકાશકુમાર અળખાભાઈ પરમારને તપાસેલ છે.સદર સાહેદ ખુમાપુર ગામના રહેવાસી છે તથા ખુમાપુર ગ્રામ પંચાયતના કમીટીના સભ્ય તરીકે હતા.સદર સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં ખુમાપુર ગામે સને–૨૦૦૨ ની સાલમાં બદીબેન સરપંચ તરીકે હતા અને ગામમાં પાણીની તકલીફ હોય તે બાબતે સરપંચ તથા ડેપ્યુટી સરપંચ મોટર લાવી બોરમાંથી પાણી ગામ લોકોને પુરુ પાડતા હોવાનુ જણાવે છે.સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય જેથી સદર સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ છે તથા વિ.એ.પી.પી.શ્રીએ સાહેદની કોર્ટની પરવાનગી બાદ ઉલટતપાસ કરતા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી તથા ખુમાપુર ગામે પંચાયતમાં મોટર ખરીદી અંગે ગેરરીતી થયેલ હોય તેવુ જાણતા નથી તથા સાહેદની આરોપીઓના વકીલશ્રીએ લીધેલ ઉલટતપાસમાં ખુમાપુર પંચાયતને રીંગબોર કે ઈલેકટ્રીક મોટર બાબતે કોઈ ગેરરીતી થયેલ નથી તેવુ જણાવે છે જેથી સદર સાહેદના પુરાવાથી આ કામના આરોપીઓએ ખુમાપુર ગામે હલકા પ્રકારના સબમર્સીબલ પંપ,મોટર,કેપીટલ લાઈનલ બોર્ડ,કેબલ વાયર,બોર ટેસ્ટીંગ વીગેરેની ચીજવસ્તુઓની ખરીદી કરી ગેરરીતી આચરેલ હોય તે અંગે સદર સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળેલ નથી જેથી સદર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસની હકીકત સમર્થનકારી નથી.

**(૨૧)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૮૬ થી સાહેદ શંકરભાઈ અળખાભાઈ પરમારને તપાસેલ છે.સદર સાહેદ ખુમાપુર ગામના રહેવાસી છે તથા ખુમાપુર ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ તરીકે હતા.સદર સાહેદે

તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં ખુમાપુર ગામે સને–૨૦૦૨ ની સાલમાં બદીબેન સરપંચ તરીકે હતા અને ગામમાં પાણીની તકલીફ હોય તે બાબતે સરપંચ તથા પોતે મોટર લાવી બોરમાંથી પાણી ગામ લોકોને પુરુ પાડતા હોવાનુ  જણાવે છે.વધુમાં ખુમાપુર ગામે મોટર અંગે વેપારી પાસેથી કોટેશન મંગાવેલ તથા કોટેશન કયારે મંગાવેલ તે હાલ યાદ ન હોવાનુ જણાવે છે તથા સને–૨૦૦૧ કે તેના પછી તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારીએ આવી તપાસ કરેલ તથા મોટરની કાયદેસર ખરીદી કરેલ હોવાનુ જણાય છે.સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય જેથી સદર સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ છે તથા વિ.એ.પી.પી.શ્રીએ સાહેદની કોર્ટની પરવાનગી બાદ ઉલટતપાસ કરતા સંસદ સભ્યની ગ્રાંટ રૂા.૫૧,૯૦૦/– મંજુર થતાં નેહા ઈલેકટ્રીક તથા રાકેશ ઈલેકટ્રીકમાંથી કોટેશન મગાવેલા.વધુમાં રૂા.૪૯,૩૦૫/– નો ચેક તા.૦૩.૦૭.૨૦૦૨ ના રોજ નેહા ઈલેકટ્રીક સર્વીસને ચેક નં.૫૩૯૪૧ નો સહી કરીને આપેલ તથા બદીબેન તેઓના ગામના છે.વધુમાં એ હકીકતનો ઈનકાર કરેલ છે કે,તેઓ તથા સરપંચ બધા હળીમળીને કામ કરતા હતા.સદર સાહેદની આરોપીઓના વકીલશ્રીએ લીધેલ ઉલટતપાસમાં ખુમાપુર પંચાયતમાં રીંગબોર કે ઈલેકટ્રીક મોટર બાબતે કોઈ ગેરરીતી થયેલ ન હોવાનુ જણાવે છે.આમ,સદર સાહેદના પુરાવાથી ખુમાપુર ગામે મોટર ખરીદી અંગે સંસદ સભ્યની ગ્રાંટ મંજુર થયેલ હોવાનુ તથા મોટર ખરીદી બાદ નેહા ઈલેકટ્રીકને ચેકથી રકમ ચુકવેલ હોવાનુ જણાવે છે તથા ઉલટતપાસમાં રીંગબોર કે ઈલેકટ્રીક મોટર બાબતે ગેરરીતી થયેલ ન હોવાનુ જણાવતા હોય,સદર સાહેદના પુરાવાથી આરોપીઓએ કહેવાતી ગેરરીતી કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી તથા ફરીયાદપક્ષના કેસની હકીકતને સદર સાહેદના પુરાવાથી સમર્થન મળેલ નથી.

(૨૨) વધુમાં ફરીયાદપક્ષે આંક-૧૮૭ થી સાહેદ અશોકભાઈ કોદરભાઈ તરારને તપાસેલ છે.સદર સાહેદ નેહા ઈલેકટ્રીકના દુકાનધારક છે તથા સને-૨૦૦૧ થી ૨૦૦૫ સુધી ઈલેકટ્રીક મોટરોનુ કામ કરતા હતા તથા ઈલેકટ્રીક મોટરની ખરીદી બાબતે કોટેશન આપતા હોવાનુ જણાવેલ છે તથા ખુમાપુર ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ બદીબેનને ઓળખે છે તથા તેઓએ ખુમાપુર ગામે સબમર્સીબલ પંપ,મોટર,કેપીટલ લાઈનલ બોર્ડ,કેબલ વાયર,બોર ટેસ્ટીંગ વીગેરેની ચીજવસ્તુઓની ખરીદી અંગે કોટેશન રજુ કરેલ અને તેઓને ઓર્ડર મળતા તેઓએ વસ્તુઓ પુરી પાડેલી તથા તે અંગે બીલ આપેલ તથા તેઓને ચેક મારફતે નાણાં મળી ગયેલ હોવાનુ જણાવે છે.સદર સાહેદની આરોપીઓના વકીલશ્રીએ લીધેલ ઉલટતપાસમાં જણાવે છે કે,તેઓ બોરની ઉંડાઈ વીગેરેના ટેસ્ટીંગનુ કામ કરતા હતા તથા બોર ઉતારવા માટે અલગથી મજુરોને મજુરી ચુકવતા હતા તથા બીલ મુજબની રકમ તેઓને મળી ગયેલ છે તથા તેઓએ રજુ કરેલ કોટેશનમાં ટેસ્ટીંગ ખર્ચના રૂા.૬૭૦૦/- દર્શાવેલ નથી તથા બીલનો કુલ સરવાળો કરેલ નથી તથા બીલની કોઈ રકમ બાકી નથી તથા ખુમાપુર ગ્રમ પંચાયતે તેઓની દુકાનેથી આઈ.એસ.આઈ.માર્કાની લુબી કંપનીની સ્ટાન્ડર્ડ મોટર ખરીદ કરેલી તથા પંચાયતનો નાણાંકીય વ્યવહાર ચેકથી થાય છે અને રોકડેથી થતો નથી તથા મોટર ઉતારી બોર ચાલુ કર્યા બાદ બીલની રકમ પંચાયતે ચેક કરી ચુકવેલ તથા ઘણી વખત ગામ લોકોના હીતમાં ગ્રાન્ટ ન હોય તો,ગ્રામ પંચાયતના સરપંચ,ઉપસરપંચ,તલાટી,સભ્યોની વિનંતીથી નાણાં મળ્યા પહેલા કામગીરી કરતા હતા તથા પંચાયત કાયમી ગ્રાહક હોય પાણીની વૈકલ્પીક વ્યવસ્થા માટે મોટર ઉતારી કામ કરતા હોવાનુ જણાવે છે.આમ,સદર સાહેદની દુકાનેથી પંચાયતે ખરીદ કરેલ મોટર આઈ.એસ.આઈ.માર્કાની લુબી કંપનીની સ્ટાન્ડર્ડ મોટર હતી તથા પંચાયતે કોટેશન મુજબ વસ્તુઓ મળી ગયા

બાદ સદર દુકાન ધારકને બીલના નાણાં ચેકથી ચુકવેલા છે અને રોકડેથી ચુકવેલ નથી જેથી સદર સાહેદના પુરાવાથી આરોપીઓ ધ્વારા ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ હલકી કક્ષાના સબમર્સીબલ પંપ,મોટર, કેપીટલ લાઈનલ બોર્ડ,કેબલ વાયર,બોર ટેસ્ટીંગ વીગેરેની ચીજવસ્તુઓની ખરીદી કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી તથા આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં કોઈ ગેરરીતી આચરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી જેથી સદર સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન મળેલ નથી.

(૨૩) વધુમાં ફરીયાદપક્ષે આંક-૧૯૨ થી સાહેદ મોહનભાઈ શંકરભાઈ સુથારને તપાસેલ છે.સદર સાહેદ સને-૨૦૦૩ ની સાલમાં ભીલોડા તાલુકામાં વિસ્તરણ અધિકારી તરીકે ફરજ બજાવતા હતા તથા તેઓએ સાબરકાંઠા જીલ્લાના જીલ્લા કલેકટરના ખાનગી પત્ર તથા તાલુકા વિકાસ અધિકારી,ભીલોડાના પત્ર હેઠળ મળેલ સત્તા અને અધિકારની રુએ પો.સ્ટે.માં ગુનો નોંધાવેલ તથા ભીલોડા તાલુકાના ખુમાપુર ગ્રામ પંચાયતમાં સંસદ સભ્યાની ગ્રાન્ટમાંથી સબમર્સીબલ પંપનુ કામકાજ મંજુર કરવામાં આવેલ તથા પંચાયતને એજન્સી તરીકે નિયુકત કરવામાં આવેલ તથા પંચાયતના સરપંચ મારફતે કામ થયા વગર નાણાં ઉપાડી લીધેલ જેથી ગ્રામજનોની જરુરીયાતને ધ્યાને લઈ નાણાંકીય ફાળો એકત્રીત કરી સબમર્સીબલ પંપની ખરીદી કરેલ તથા ગામમાં ઉહાપોહ થતાં પાછળથી ગ્રામ પંચાયતે હલકી કક્ષાનુ સબમર્સીબલ પંપ રજુ કરેલ હોવાનુ જણાવેલ છે તથા તલાટીએ ડેડસ્ટોક રજીસ્ટરમાં પંપ જમા લીધેલ અને જે અંગેનુ પ્રમાણપત્ર તા.૦૭.૦૫.૦૨ નુ હતુ અને ખરીદીનુ બીલ તા.૧૫.૦૬.૦૨ નુ હતુ તથા તાલુકા પંચાયતના અધિક મદદનીશ ઈજનેરે એમ.બી.(મેઝરમેન્ટ બુક) રેકર્ડ કરી,નાયબ કાર્યપાલક ઈજનેરની એમ.બી.માં સહી લઈ નાણાંની

ચુકવણી તાલુકા પંચાયત મારફતે ગ્રામ પંચાયતને કરેલ અને મદદનીશ ઈજનરે ધ્વારા સબમર્સીબલ પંપ હાજર ન હોવા છતાં મેજરમેન્ટ બુકમાં નોધ કરી એમ.બી.માં સહીઓ લીધેલી તથા તલાટી ધ્વારા સબમર્સીબલ પંપ ખરીદાયેલ ન હોવા છતાં અગાઉની તારીખમાં પંચાયતના ડેડ સ્ટોક રજીસ્ટરમાં હલકી ગુણવત્તાના સબમર્સીબલ પંપની નોંધ કરેલી.સદર બનાવ અંગે કલેકટરશ્રીએ તાલુકા વિકાસ અધિકારી,ભીલોડાને ફરીયાદ દાખલ કરવા પત્ર લખેલ તથા તાલુકા વિકાસ અધિકારીએ સાહેદને લેખીતમાં ફરીયાદ દાખલ કરવા જણાવતા તેઓએ હાલની ફરીયાદ આપેલી.સદર સાહેદની આરોપીઓ તરફેના વકીલશ્રીએ લીધેલ ઉલટતપાસ ઘ્યાને લેતા,તેઓએ કબુલ કરેલ છે કે,હાલની ફરીયાદ આપી તે પહેલા તેઓએ કોઈ રેકર્ડ તપાસેલ નથી કે સ્થળ ઉપર જઈ ચકાસણી કરેલ નથી તથા કલેકટર કચેરીમાંથી આદેશ થયા મુજબ ડ્રાફટ તૈયાર કરી ફરીયાદ આપેલી તથા કલેકટરે તેઓને આ બાબતે કોઈ તપાસ સોંપેલ નથી.આમ,સદર સાહેદે કલેકટરના હુકમ મુજબ લેખીત ફરીયાદ આપેલ છે તથા ફરીયાદ કરતા પહેલા ખુમાપુર ગામે થયેલ કહેવાતી ગેરરીતી અંગે કોઈ રેકર્ડ તપાસેલ નથી કે ચકાસણી કરેલ ન હોય તથા કલેકટરે તેઓને કોઈ તપાસ સોંપેલ ન હોય જેથી સાહેદે કરેલ ફરીયાદથી રેકર્ડની ગેરરીતી તથા રેકર્ડમાં પાછળથી ખોટી નોંધો થયા અંગેની હકીકતને સમર્થન મળતુ નથી.વધુમાં સદર સાહેદે કબુલ કરેલ છે કે,ખુમાપુર ગામે લોકોએ લોકફાળો ઉઘરાવેલ હોય તેની રેકર્ડે કોઈ નોંધ કરેલ નથી તથા ખુલાસામાં ગામના સારા લોકોએ ફાળો ઉઘરાવેલ હોવાનુ જણાવે છે પરંતુ લોકફાળા આધારે આરોપીઓએ પાછળથી સબમર્સીબલ પંપ વીગેરેની ખરીદી કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી.વધુમાં સદર સાહેદની જુબાની ઘ્યાને લેતા એ હકીકત કબુલ કરેલ છે કે,પંચાયતમાં પંચાયતના બે સભ્યોની સહીથી નાણાંકીય લેવડદેવડ થતી હોય છે તથા કોઈપણ કામગીરી બાબતે નાણા

ચુકવવાના થાય તો તાલુકા વિકાસ અધિકારી જે તે પંચાયતના નામનો ચેક બનાવી મોકલે છે અને તે ચેકના નાણા જે તે પંચાયતના ખાતામાં જમા થાય છે અને પંચાયત ચેક ક્રોસ કરીને જે તે પેઢીને કામગીરીની કે ખરીદીની ચુકવણી પેટે ચેક આપે છે તથા દરેક પંચાયતમાં વસ્તુની ખરીદી પ્રથમ કરવામાં આવે પંચાયતે ખરીદી કર્યા બાદ અધિક મદદનીશ ઈજનેરશ્રીનુ ધ્યાન માપ દોરવા માટે તથા એમ.બી. માં નોંધવા માટે જાણ કરવામાં આવે છે તથા એમ.બી.માં આ માપ નોંધાયા બાદ બીલ નાયબ કાર્યપાલકશ્રીની કચેરીમાં મંજુરી માટે મોકલવામાં આવે છે તથા આ બીલ નાયબ કાર્યપાલકશ્રીની કચેરીમાંથી મંજુર થયા બાદ તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરીમાં આ બીલની ચુકવણી માટે મોકલવામાં આવે છે તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરીની હિસાબી શાખામાં આ બીલ મંજુર થવા માટે મોકલવામાં આવે છે અને તે બીલ મંજુર થતાં હિસાબી શાખા ધ્વારા જે તે પંચાયતના નામનો બીલના નાણા મુજબનો ક્રોસ ચેક બનાવવામાં આવે છે તથા આ ચેકના નાણા ગ્રામ પંચાયતના ખાતામાં જમા થયા બાદ પંચાયત જે તે પેઢીના નામનો ક્રોસ ચેક જે તે પેઢીને ચુકવણી માટે આપતા હોય છે તથા જે પેઢીને આ ચેક આપવામાં આવેલ હોય તે પેઢી જે તે દિવસે વાઉચર ઉપર ચેક મળ્યાની પાવતી લખી આપતા હોય છે તથા અધિક મદદનીશ ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલકશ્રીએ નાણાકીય કામગીરી કરવાની હોતી નથી તથા હાલનુ કામ કરવા માટે તા.૧૮/૪/૨૦૦૨ ના રોજ આયોજન અધિકારી ધ્વારા વહીવટી હુકમ આપવામાં આવેલો તથા આ વહીવટી હુકમ થયા બાદ તાલુકા વિકાસ અધિકારીશ્રી ધ્વારા પંચાયતને હુકમ મુજબની કામગીરી કરવા માટે પુછાણ કરવામાં આવેલુ તથા તાલુકા વિકાસ અધિકારી ધ્વારા આયોજન અધિકારીના હુકમમાં જે કામગીરી કરવાનુ જણાવેલુ તેનો વર્ક ઓર્ડર આપવામાં આવેલો તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીએ તા.૦૧/૦૭/૨૦૦૨ના રોજ ખુમાપુર

ગ્રામ પંચાયતનેરૂા.૪૯,૩૦૦/– ચેકથી આપેલા તથા ખુમાપુર ગ્રામ પંચાયતે નેહા ઈલેકટ્રોનીકસને તા.૦૩/૦૭/૨૦૦૨ ના રોજ ચેકથી રૂા.૪૯,૩૦૫/– ચેક નં.૫૩૯૪૧ થી બીલ નં.૬૩ ના માલ સામાનના નાણાં રેકર્ડ મુજબ ચુકવેલ હોવાનુ બરાબર છે તેવુ જણાવે છે.આમ,સદર સાહેદના પુરાવાથી ખુમાપુર ગ્રામ પંચાયતે ખરીદ કરેલ સબમર્સીબલ પંપ વીગેર માલસામાન ગ્રમ પંચાયતના ઠરાવ તથા કોટેશન મુજબ ખરીદ કરી નેહા ઈલેકટ્રોનીકસને ચુકવી આપેલ હોવાનુ જણાવે છે તથા નેહા ઈલેકટ્રોનીકસને ચુકવેલ નાણાં અંગે કોઈ ગેરરીતી થયેલ હોય તેવુ સદર સાહેદના પુરાવાથી જણાઈ આવતુ નથી જેથી સદર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી ન હોવાનુ જણાય છે.

(૨૪) વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૭૬ થી પંચસાહેદ કેશુભાઈ મગનભાઈ પ્રજાપતિને તપાસેલ છે.તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં અસલ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તથા સહી કયાં કરેલી તે ખબર ન હોવાનુ તથા પોલીસે તેઓની હાજરીમાં કોઈ પંચનામુ કરેલ ન હોવાનુ જણાવે છે તથા આંક–૨૧૬ અને ૨૧૭ ની મેજરમેન્ટ બુકમાં સહી ઓળખી બતાવે છે પરંતુ સહી શેના માટે કરેલી તેની ખબર ન હોવાનુ જણાવે છે તથા આંક–૨૧૮ ના રજીસ્ટરમાં છેલ્લા પેજ ઉપર પંચ તરીકેની સહી ઓળખી બતાવે છે તથા પોલીસે તેઓની હાજરીમાં કોઈ બીલ,વાઉચર ફોર્મ કે મેજરમેન્ટ બુક કબજે કરેલ ન હોવાનુ જણાવે છે.સદર પંચસાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ છે તથા વિ.એ.પી.પી.શ્રીએ પંચસાહેદની કોર્ટની પરવાનગી બાદ ઉલટતપાસ કરતા પંચસાહેદે તેઓની હાજરીમાં કોઈ બીલ,વાઉચર ફોર્મ કે મેજરમેન્ટ બુક કબજે કરેલ હોય તે હકીકતને સમર્થન આપેલ નથી.સદર પંચસાહેદની આરોપીઓના વકીલશ્રીએ લીધેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે,તાલુકા પંચાયતમાં અવારનવાર જવાનુ થતુ હોય જેથી પોલીસે તૈયાર

કાગળમાં સહી કરાવેલી તથા તેઓની હાજરીમાં કોઈ વસ્તુ કબજે કરેલ નથી તથા સહી કર્યા સીવાય બીજુ કઈ જાણતા નથી જેથી સદર પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળેલ નથી.

**(૨૫)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૮૮ થી ત.ક.અ.નિવૃત પી.એસ.આઈ.નાથાભાઈ ગોવાભાઈ રબારીને તપાસેલ છે.તેઓએ સરતપાસમાં તપાસને અનુરુપ હકીકત જણાવેલ છે.સદર ત.ક.અમલદારની આરોપીઓના વકીલશ્રીએ લીધેલ ઉલટતપાસમાં જણાવે છે કે,તાલુકા પંચાયતમાં નોકરી કરતા કોઈ ઈસમોના નીવેદન તેઓએ લીધેલ નથી તથા ફરીયાદી તપાસમાં તેઓની સાથે હતા જેથી તેઓનુ નીવેદન લીધેલ તથા બોરની તપાસ કરવા માટે અલગ અલગ જગ્યાએ ગયેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં એ હકીકતોનો ઈનકાર કરેલ છે કે,તેઓની હાજરીમાં પંચો રુબરુ કહેવાતા પંચનામા થયેલા નથી.આમ,ત.ક.અમલદારનો પુરાવો ધ્યાને લઈએ તો સદર ત.ક.અમલદારે તેઓની જુબાનીમાં આ કામના આરોપીઓને સંડોવતી કોઈ હકીકત જણાવેલ નથી તથા પંચનામા વિગતે કબજે લીધેલ રોજમેળ,એમ.બી.બુક,ચેકબુક વીગેરેના હસ્તાક્ષરોની સરખામણી કરાવવા કોઈ એફ.એસ.એલ.ચકાસણીની કાર્યવાહી ત.ક.અમલદારે કરેલ નથી જેથી આરોપીઓએ ભેગા મળી પાછળથી સદર દસ્તાવેજોમાં નોંધો કરી ગેરરીતી આચરેલ હોય તેવી હકીકત પુરવાર થયેલ નથી.વધુમાં ત.ક.અમલદારે તાલુકા પંચાયતના નોકરી કરતા કોઈ વ્યકિતના નીવેદન લીધેલ નથી તથા ખુમાપુર ગામના સ્વતંત્ર સાહેદોના કોઈ નીવેદન લીધેલ નથી જેથી આરોપીઓએ કેવી રીતે ગેરરીતી આચરેલ તે હકીકત ફરીયાદપક્ષે તપાસેલ સાહેદો તથા પંચસાહેદોના પુરાવાથી રેકર્ડ ઉપર આવી શકેલ નથી જેથી ત.ક.અમલદારનો પુરાવો ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી હોય તેવુ જણાઈ આવતુ નથી.

(૨૬) વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૦૧ થી તલાટી કમ મંત્રી સાહેદ બાબુભાઈ અમીચંદભાઈ પટેલને તપાસેલ છે.તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે,ખુમાપુર ગામનો તેઓને હંગામી ધોરણે વધારાનો ચાર્જ સોંપવામાં આવેલ તથા તેઓની અગાઉ આરોપી નં.૪ તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા હતા.સદરહુ આરોપી નં.૪ વિરુધ્ધ કઈ બાબતે ઈન્કવાયરી થયેલ તેની સદર સાહેદને ખબર નથી તથા પોલીસે દસ્તાવેજો તેઓની પાસેથી કઈ બાબતે લીધેલ તેની ખબર ન હોવાનુ જણાવે છે તથા પોલીસે બનાવ અંગે તેઓનો જવાબ લીધેલ.સદર સાહેદની આરોપીઓના વકીલશ્રીએ લીધેલ ઉલટતપાસમાં જણાવે છે કે,તેઓને ખુમાપુર ગામનો ચાર્જ તાલુકા વિકાસ અધિકારીના હુકમથી સોંપવામાં આવેલ તથા ખુમાપુર ગ્રામ પંચાયતે રોકડ રજીસ્ટર કોણે લખેલ તે ચોકકસ કહી શકે નહી તથા રોકડમેળમાં શુ લખેલ તેનો અભ્યાસ કરેલ નથી તથા આ રજીસ્ટર અને ચેકબુક પોલીસે કયારે આપેલ તેની ખબર નથી તથા ચાર્જ સંભાળ્યો ત્યારે ખુમાપુર ગામમાં વિકાસના કામો કોણે,કયારે કરેલા તેની ખબર ન હોવાનુ તથા વિકાસના કામોની તેમણે જાત તપાસણી કરેલ ન હોવાનુ જણાવે છે.આમ,સદર તલાટી કમ મંત્રી સાહેદના પુરાવાથી તેઓની અગાઉના આરોપી નં.૪ તથા અન્ય આરોપીઓએ ભેગા મળી રોકડમેળ રજીસ્ટર તથા ચેકબુક વીગેરેમાં ખોટી નોંધો કરેલ હોય તથા ખુમાપુર ગ્રમ પંચાયતે સબમર્સીબલ પંપ વીગેરેની ખરીદી બાબતે ગેરરીતી આચરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી જેથી સદર સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળેલ નથી.

(૨૭) આમ,ઉપરોકત ચર્ચાને ધ્યાને લેતા આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ખુમાપુર ગ્રામ પંચાયતમાં સંસદ સભ્યના ફંડમાંથી સબમર્સીબલ પંપ વીગેરે ખરીદવા માટે ફાળવેલ રૂા. ૫૧,૯૦૦/– ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ તેમાથી રૂા.૪૯,૩૦૫/–ના નેહા

ઈલેકટ્રીક સેલ્સ સર્વિસમાંથી હલકા પ્રકારના સબમર્શીબલ પંપ તથા મોટર તથા કેપીટલ લાયેનલ બોર્ડ, કેબલ વાયર તથા બોર ટેસ્ટીંગ વગેરે ચીજવસ્તુ ખરીદ કરી સરકારશ્રી તરફથી જાહેર હિતમાં વાપરવા સારૂ ફાળવેલ નાણા તે પ્રમાણે ઉપયોગ ન કરી તથા ખોટા બીલો સાચા તરીકે રજુ કરી રેકર્ડ ઉપર બરાબર હોવાનું સર્ટીફીકેટ આપી સરકારી રજીસ્ટરોમાં ચેડા કરી રૂા.૧૬૯૫/– ની રકમ આરોપીઓએ પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાખેલ હોવાનુ ફરીયાદપક્ષ રજુ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તથા આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી તથા આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવો યોગ્ય જણાય છે જેથી **મુદા નં.૧** નો નિર્ણય '**નકાર**'માં ઠરાવી **મુદા નં.૨** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આ કામનાં આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ –૪૦૮,૪૦૯,૧૧૪ મુજબના ગુન્હા સબબ ક્રિ.પ્રો.કોડ ની કલમ–૨૪૮(૧) અન્વયે શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ હાલના કામેની સંભવીત અપીલના કામે અપીલ કોર્ટ સમક્ષ હાજર થવા સારુ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા ક્રિ.પ્રો.કો.ક –૪૩૭ (એ)ની જોગવાઈ અનુસાર અમલમાં રહેશે.

(૩) અપીલ સમય બાદ મુદ્દામાલ રોકડમેળ,મેજરમેન્ટ બુકો તથા સ્થાવર મિલકતનુ રજીસ્ટર,ચેકબુક અસલ ખુમાપુર ગ્રામ પંચાયત તથા તાલુકા પંચાયત ભીલોડાને સર્ટીફાઈડ નકલ રજુ થયેથી પરત કરવા અન્યથા અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.વધુમાં

મુદામાલ બીલ,**,**કોટેશનોને અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.**૧૮ મી,** માહે–**માર્ચ,** સને–**૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ :૧૮/૦૩/૨૦૨૬**
**સ્થળ : ભિલોડા.**

**(એમ.એ.મકરાણી)**
**એડીશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ભિલોડા**
**જીજે ૦૧૦૦૭**